RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 99* Date: 05.02.2022 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ઝાટકણી કાઢી

# વળતર ચૂકવીને કોઈના પર ઉપકાર નથી કરતા : સુપ્રીમ કોર્ટે



ગાંધીનગર,તા.૪

કોરોનાકાળમાં મૃત્યુ પામેલા દર્દીઓની મૃત્યુ સહાય અંગે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં કબૂલાત કરી છે કે, સરકારી ચોપડે નોંધાયેલ ૧૦ હજાર ૫૭૯ મોત સામે મૃત્યુ સહાય માટે એક લાખથી વધુ અરજીઓ આવી છે. જેમાં સરકારે ૮૭ હજાર જેટલી અરજીઓ મંજુર કરી છે. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું છે કે ઘણા રાજ્યોમાં સરકારી આંકડા અને કોરોના સહાય માટે મંજુર કરેલી અરજીઓના આંકડાઓમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. આટલા બધા ક્લેમ ખોટા ન હોઈ શકે, જેથી સરકારે મંજૂર કરેલી અરજીને ઓફિશિયલ કોરોના ડેથ ગણવાની જરૂર છે. રાજય સરકારોએ ઓફિશિયલ આંકડામાં સુધારો કરવાની જરૂર છે.કોરોના મૃત્યુ સહાય મુદ્દે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં વિગતો રજૂ કરી હતી. જેમાં સરકારી ચોપડે નોંધાયેલ ૧૦૫૭૯ મૃત્યુ સામે કોરોના મૃત્યુ સહાય માટે ૧૦૨૨૩૦ અરજીઓ કરવામાં આવી છે, જે પૈકી રાજ્ય સરકારે ૮૭૦૪૫ અરજીઓ મંજુર કરી છે. અગાઉ કોરોનાના કારણે મૃત્યુ થયું હોય અથવા કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ હોય અને એક મહિનામાં મૃત્યુ થયું હોય એવા દર્દીના મોતને કોરોના મૃત્યુ ગણીને સહાય ચૂકવવા સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો હતો. સુનાવણીમાં સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકારને માત્ર આંકડા જ નહીં પરંતુ મૃતકોના નામ, સરનામાં, મૃત્યુ તારીખ સહિતની વિગતો રજૂ કરવા હુકમ કર્યો છે. આ તમામ વિગતો રાજ્ય સરકારો તેમના રાજ્યની લીગલ સર્વિસીસ ઓથોરિટીના મેમ્બર સેક્રેટરીને પુરી પાડે. રાજ્ય સરકાર ચીફ મિનિસ્ટર સેક્રેટરીએટના ડેપ્યુટી સેક્રેટરી કક્ષાના અધિકારીની નોડલ ઓફિસર તરીકે નિમણૂક કરવા પણ હુકમ કર્યો છે. નોડલ ઓફિસર અને મેમ્બર સેક્રેટરી એક બીજાના સંકલનમાં મૃતકોના પરિવારજનોને વળતર ચુકવવાની કામગીરી કરશે.

કોર્ટે નોંધ્યું કે વેલ્ફેર સ્ટેટ તરીકે સરકારની વળતર આપવાની જવાબદારી છે, કારણ કે રાજ્ય સરકાર વળતર ચૂકવીને કોઈની પર ઉપકાર નથી કરતી તેવી કોર્ટે ટકોર પણ કરી છે. તે ઉપરાંત કોઈ કારણોસર સહાય અરજીઓ નામંજુર ન થવી જોઈએ, તેમ પણ સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યોને આદેશ કર્યો છે. આ માટે સરકારોએ બજેટમાં પ્રોવિઝન કરવાની જરૂર નથી, પણ ચીફ મિનિસ્ટર કોવિડ રિલીફ ફન્ડ કે સ્ટેટ ડિઝાસ્ટર મેનજમેન્ટ ફન્ડમાં થી મૃતકોના પરિજનોના વળતર ચૂકવાય તેમ કહ્યું છે. કોરોના કાળમાં અનેક લોકોના મોત નીપજયા. કોરોનાથી મોતને ભેટેલા લોકોને સહાય આપવા મુદ્દે સુપ્રીમ કોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે કોરોના સંબંધિત તમામ વિગતો રજૂ કરવાનો સરકારને હુકમ કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં કોરોના મૃત્યુ સહાય મામલે સુનાવણી હાથ ધરાઇ હતી. જે મામલે સુપ્રીમ કોર્ટે ન માત્ર મૃતકોને સહાય પરંતુ રાજયના મોતના આંકડા મામલે પણ સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર વળતર ચૂકવીને ઉપકાર નથી કરતી. તેમજ ગુજરાતમાં કોરોનાથી થયેલા મોતના આંકડામાં વિસંગતતા મામલે રાજય સરકારના ઢીલા વલણ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી.

રાજ્યમાં કોરોનાથી મૃત્યુ પામેલાને સહાય આપવા માટે સૌથી મોટી પોલ સામે આવી છે. સરકારે આ સહાય મેળવવા અરજી પ્રક્રિયા શરુ કરી છે, જેમાં નવાઈની વાત તો એ છે કે સહાય માટે ૧ લાખ ૨ હજાર ૨૩૦ અરજીઓ આવી છે જેમાંથી રાજ્ય સરકારે ૮૭ હજાર ૦૪૫ અરજીઓ મંજૂર કરી છે. પરંતુ સરકારી ચોપડે તો કોરોનાથી માત્ર ૧૦ હજાર ૫૭૯ મૃત્યુ જ નોંધાયા છે.

રાજ્ય સરકારના ચોપડે મોતના આંકડા અને સહાય માટેની અરજીની વિસંગતતા જોતા સુપ્રીમ કોર્ટે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે. આ મામલે સુપ્રીમ કોર્ટે મૃતકોના નામ, સરનામા, મૃત્યુની તારીખ સહિત તમામ વિગતો રજૂ કરવાનો હુકમ કર્યો છે. સરકારે માત્ર કોરોનાથી નીપજેલા મોતના આંકડા નહી પરંતુ તમામ વિગતો સુપ્રીમ કોર્ટને આપવા સરકારના ચીફ મિનિસ્ટર સેક્રેટરીને હુકમ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કોરોના મૃત્યુ સહાય મામલે સરકાર ડે. સેક્રેટરીની સાથે નોડલ ઓફિસરની નિમણૂંક કરે તેમજ વળતર ચુકવવાની કામગીરી નિમણૂંક કરેલ અધિકારીઓ કરશે તેમ પણ જણાવ્યુ હતું. તેઓએ સરકારને જણાવ્યુ કે વેલ્ફેર સ્ટેટ તરીકે સરકારની જવાબદારી વળતર આપવાની છે. સરકાર મૃતકોના પરિવારને સાંત્વના મળે તે રીતે કામગીરી કરે. સુપ્રીમ કોર્ટનું સ્પષ્ટ માનવુ છે કે કોરોના મૃત્યુ સહાય મળવી જ જોઈએ. મૃતકોના પરિવારને સાંત્વના મળે એ રીતે કામગીરી થવી જોઇએ. આથી સુપ્રીમકોર્ટે ભાર આપીને એમ પણ જણાવ્યુ કે ટેકનિકલ કારણોસર અરજીઓ નામંજુર ન થવી જોઈએ.

## દેશની મીડિયા વડાપ્રધાનના દબાણમાં,મુર્ખ લોકોએ વસુંધરાને ગુમરાહ કર્યા : અશોક ગહલોત


જયપુર,તા.૪

મુખ્યમંત્રી અશોક ગહલોતે કહ્યું છે કે ગત સરકારમાં હરદેવ જોશી પત્રકારિતા અને જનસંચાર વિશ્વ વિદ્યાલયને બંધ કરી દેવામાં આવી હતી. કોણ મુર્ખ લોકો હતાં જેમણે વસુંધરા રાજેને ખોટી સલાહ આપી હતી.વિશ્વ વિદ્યાલયને રાજસ્થાન વિ.વિ હેઠળ મર્જ કરાવી દેવામાં આવી જયાં કોઇ ફેકલ્ટી ન હતી આવું કયારેય થતુ નથી સરકારો બદલાતી રહે છે ખબર નહીં વસુંધરા રાજે પર કોનું દબાણ હતું. કોઇએ વસુંધરા રાજેને ગુમરાહ કર્યા હશે. જેને કારણે વિ.વિને બંધ કરવી પડી તેમની ખુબ ટીકા થઇ હતી.

મુખ્યમંત્રી ગહલોત દરદેવ જોશી પત્રકારિતા અને જનસંચાર વિવિના ભવનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.મુખ્યમંત્રીએ કહ્યું કે વિવિના વાઇસ ચાંસલર ઓમ થાનવીએ વિપરિત પરિસ્થિતિઓમાં કામ કર્યું છે.ઇટરેસ્ટ લઇ ખાસ કોઠીમાં વિવિ શરૂ કરી દીધી.મને ખુશી થઇ રહી છે. વિશ્વ વિદ્યાલય માટે ૧૧૫ કરોડ રૂપિયા મંજુર કર્યા છે ૧૮ મહીનામાં પહેલા ફેઝનું કામ પુરૂ થઇ ગયું છે બીજા તબક્કા માટે પણ બજેટ મંજુર કરી દેવામાં આવશે.ુખ્યમંત્રી ગહલોતે કહ્યું કે લોકતંત્રનો ચોથો સ્તાંભ મીડિયા વડાપ્રધાન મોદીના દબાણમાં છે મીડિયા જે રીતેનો વ્યવહાર કરી રહ્યું છે તેનાથી મને દુખ થઇ રહ્યું છે.લોકતાંત્રમાં ટીકા અનો અસહમતિનું સત્તા પક્ષે સ્વાગત કરવું જોઇએ તેનાથી સત્તા પક્ષને સુધાર કરવામાં ફીડબેંક પણ મળે છે.મુખ્યમંત્રીએ કહ્યું કે આ કમિટમેંટ જનતા પ્રત્યે છે કે તો કોઇ ટીકા કરે કે અસહમતિ બતાવે ખરાબ માનવું જોઇએ નહીં પરંતુ દુખની વાત એ છે કે આ સ્થિતિ દેશમાં હાલ નથી.હરદેવ જોશી પત્રકારિતા અને જનસંચાર વિશ્વ વિદ્યાલય જયપુરના ભવનના શિલાન્યાસ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું કે મીડિયાના માલિક દબાણમાં છે.મીડિયા માલિકોને સીબીઆઇ અને ઇડીનો ડર બતાવવામાં આવી રહ્યો છે વડાપ્રધાન મોદીએ મીડિયાને ચર્ચા કરવા માટે આગળ રાખ્યું છે અને ખુદ પાછળ થઇ ગયા છે. મુખ્યમંત્રી ગહલોતે કહ્યું કે અમે ઇચ્છીએ છીએ કે દેશની અંદર કેવી રીતે વાતાવરણ ઠીક થાય તેમાં પત્રકારિતાની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે.

### ૧ દિવસમાં ૨.૩૬ લાખ કેસ નોંધાયા

## જર્મનીમાં કોરોના અને ઓમિક્રોનના કેસોનો રાફડો



જર્મની,તા.૦૪

જર્મનીમાં કોરોના પર લાદવામાં આવેલા નિયંત્રણોનો નિર્ણય મોટાભાગે દેશના ૧૬ રાજ્યોની સરકારોની જવાબદારી છે. જો કે, સરકાર તેમની નાગરિક આરોગ્ય નીતિ પર સહયોગ કરવા માટે રાજય સરકારોના વડાઓ સાથે નિયમિતપણે બેઠક કરે છે. જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝની પ્રાદેશિક નેતાઓ સાથેની આગામી બેઠક ૧૬ ફેબ્રુઆરીએ યોજાવાની છે. છેલ્લી બેઠક ૨૪ જાન્યુઆરીએ યોજાઈ હતી.

આ બેઠકમાં તમામ નેતાઓએ પ્રતિબંધો સંબંધિત નિયમોને લઈને યથાસ્થિતિ જાળવવા સંમતિ દર્શાવી હતી અત્યંત ચેપી ઓમિક્રોન વેરિઅન્ટને કારણે ચેપના કેસોમાં ઝડપથી વધારો થવાને કારણે જર્મનીમાં હાલમાં ઘણા નિયંત્રણો લાગુ છે. નાઈટક્લબ અને આવા ઘણા સ્થળો સંપૂર્ણપણે બંધ છે, તેથી રેસ્ટોરન્ટ અને બારમાં જવા માટે, ગ્રાહકોએ બતાવવું પડશે કે તેમને રસી આપવામાં આવી છે અથવા ચેપ લાગ્યો છે અને હવે તેઓ સાજા થયા છે. રિપોર્ટ બતાવીને પણ આવા સ્થળોએ જઈ શકે છે. જેમણે બૂસ્ટર ડોઝ લીધો છે તેઓને હાલમાં ટેસ્ટ કરાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. જેમણે રસી લીધી નથી તેમને હાલમાં રેસ્ટોરાં અથવા બાર સહિત ઘણી દુકાનોમાં જવાની મંજૂરી નથી. ઘણા લોકો આ પ્રતિબંધોનો વિરોધ કરી રહ્યા છે.જર્મનીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૬,૧૨૦ નવા કેસ નોંધાયા છે.

આ એક દિવસમાં અત્યાર સુધીના સૌથી વધુ કેસ છે. કહેવામાં આવી રહ્યું છે કે, કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટ પછી જોવા મળ્યો છે. જર્મનીમાં કોવિડ-૧૯ની મહામારીમાં નિયંત્રણો ખતમ કરવાની માંગ સતત વધી રહી છે. સરકારના એક મંત્રીએ કહ્યું છે કે આવતા મહિનાથી ઘણા નિયમો હટાવી શકાય છે. બુધવારે સંક્રમિત લોકોની સંખ્યા ૨ લાખને વટાવી ગઈ છે.

### ભારતમાં ક્રિપ્ટોકરન્સી પર જંગી ટેક્સ નાખતા ભારે વિરોધ

## થાઈલેન્ડે સરકાર ક્રિપ્ટોકરન્સી પર લગાવેલ ટેક્સ પાછો ખેંચવાની તૈયારી

થાઈલેન્ડ,તા.૦૪

ઘણા દેશો ક્રિપ્ટો-ટેક્સ લગાવી ચૂક્યા છે. જોકે, લોકોના વિરોધ બાદ હવે થાઈલેન્ડ આવો જ ટેક્સ પાછો ખેંચવાની તૈયારી કરી રહ્યું છે. થાઈલેન્ડે અગાઉ જાહેરાત કરી હતી કે તે ક્રિપ્ટો પ્રોફિટ પર ૧૫% ટેક્સ લગાવી રહ્યું છે. વિરોધીઓ અને દેશના યુવાનોએ તેનો જોરદાર વિરોધ કર્યો. જે બાદ સરકાર આ નિર્ણય પાછો લઈ રહી છે. આ વર્ષની શરૂઆતમાં, થાઈલેન્ડે જાહેરાત કરી હતી કે તે એસેટ ક્લાસ પર કેપિટલ ગેઈન ટેક્સ લાવી રહ્યું છે, જેમાં ટ્રેડિંગ અને માઈનિંગ પરનો ટેક્સ પણ સામેલ છે. થાઈલેન્ડ આ યોજના પર આગળ નહી વધે. તેનો વેપારીઓએ જોરદાર વિરોધ કર્યો છે. ક્રિપ્ટો માર્કેટના સમર્થકોએ કહ્યું છે કે ઊંચા કરવેરાથી બજારની સ્થિતિ વધુ ખરાબ થશે.

થાઈલેન્ડના મહેસૂલ વિભાગે અગાઉ માહિતી આપી હતી કે વર્ષ ૨૦૨૦ પછી બજારનું કદ અને મૂલ્ય સતત વધ્યું છે. અપબિટ ક્રિપ્ટો-એક્સચેન્જના સીઈઓપીટ પીરાદેજ તાનરુઆંગપોર્ને જણાવ્યું હતું કે થાઈલેન્ડના મહેસૂલ વિભાગે તેનું હોમવર્ક પૂરું કર્યું ન હતું. બેંક ઓફ થાઈલેન્ડ અને દેશના નાણા મંત્રીએ સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ કમિશન સાથે મળીને ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે તે ડિજિટલ ચલણની ચૂકવણીને પ્રતિબંધિત કરવા માટે નિયમનકારી માર્ગદર્શિકા યોજના જારી કરશે. ઘણા દેશો ક્રિપ્ટો માર્કેટ પર ટેક્સ લગાવવાની તૈયારી કરી રહ્યા છે. આ યાદીમાં ભારત પણ સામેલ થયું જ્યાં ક્રિપ્ટો ટેક્સ લાદવામાં આવ્યો છે.ભારતમાં ક્રિપ્ટોકરન્સી પર જંગી ૩૦ ટકા ટેક્સ લાદવામાં આવ્યો છે.

## કોરોનાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૭૨ મૃત્યુ થયા

નવીદિલ્હી,તા.૪

દેશમાં જીવલેણ કોરોના વાયરસ મહામારીના મામલામાં કાલની તુલનામાં આજે મોટો ઘટાડો થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના એક લાખ ૪૯ હજાર ૩૯૪ કેસ સામે આવ્યા છે અને ૧૦૭૨ લોકોના મૃત્યુ થયા છે. ગુરૂવારની તુલનામાં શુક્રવારે નવા કેસમાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે. ગુરૂવારે એક લાખ ૭૨ હજાર ૪૩૩ કેસ સામે આવ્યા હતા. દેશમાં પોઝિટિવિટી રેટ હવે ૯.૨૭ ટકા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે દેશમાં હવે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૪ લાખ ૩૫ હજાર ૫૬૯ થઈ ગઈ છે. તો મહામારીમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૫૫ થઈ ગઈ છે. આંકડા પ્મરાણે કાલે બે લાખ ૪૬ હજાર ૬૭૪ લોકો સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી ૪ કરોડ ૧૭ હજાર ૮૮ લોકો સંક્રમણથી મુક્ત થયા છે. મહત્વનું છે કે કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ હજાર ૪૩૬ નવા કેસ સામે આવ્યા અને ૪૪ હજાર ૮૧૯ દર્દી સાજા થયા છે. તો ૬૦ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં સક્રિય કેસની સંખ્યા ૧ લાખ ૪૮ હજાર ૮૦૦ છે. તો કેરલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨ હજાર ૬૭૭ નવા કેસ સામે આવ્યા છે અને ૧૧૪૪ લોકો સાજા થયા છે. આ દરમિયાન ૩૭ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૩ લાખ ૬૯ હજાર ૭૩ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે ભારતમાં કાલે કોરોના વાયરસ માટે ૧૬ લાખ ૧૧ હજાર ૬૬૬ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા, આમ દેશમાં અત્યાર સુધી કુલ ૭૩ કરોડ ૫૮ લાખ ૪ હજાર ૨૮૦ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે.

## દિલ્હી સહિત ઉત્તર ભારતનાં વિવિધ વિસ્તારોમાં વરસાદનાં કારણે ઠંડી

,નવીદિલ્હી,તા.૪

રાષ્ટ્રીય રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતનાં વિવિધ ભાગોમાં વરસાદને કારણે ઠંડીમાં વધારો થયો છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા ચાલુ છે. જેના કારણે મેદાની વિસ્તારોમાં ફેબ્રુઆરીનાં આગમન બાદ પણ વાતાવરણ ઠંડુ થયુ છે.

હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર આગામી ચોવીસ કલાક દિલ્હીમાં વરસાદ ચાલુ રહેશે. રાજધાનીમાં આગલા દિવસે પણ વરસાદ પડ્યો હતો. દિલ્હીમાં આજે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. જો કે આવતીકાલથી દિલ્હીવાસીઓને વરસાદથી રાહત મળવાની આશા છે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં આજે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. આ ઉપરાંત ચંદીગઢમાં આજનું લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ રહેશે. અહીં પણ વરસાદ પડવાની પૂરી સંભાવના છે. આ સાથે જ ઉત્તરાખંડમાં આજે પણ વરસાદી માહોલ જારી રહેશે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર અહીં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૪ ડિગ્રી રહેશે. જયપુરની વાત કરીએ તો અહીં વરસાદ નહીં પડે આઈએમડી અનુસાર, જયપુરમાં આકાશ સ્વચ્છ રહેશે અને લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે.

આ સિવાય લખનઉમાં આજે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. લખનઉમાં પણ વરસાદ પડશે. બીજી તરફ લેહમાં ઠંડીનું જોર યથાવત રહેશે. આજે અહીંનું લઘુત્તમ તાપમાન પહેલાની જેમ માઈનસ ૧૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે, જ્યારે મહત્તમ તાપમાન માઈનસ ૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. બિહારમાં આજે વરસાદની સંભાવના છે. રાજધાની પટનામાં આજે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સિયસ છે, જ્યારે મહત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે. પટનામાં આજે વરસાદ પડશે. આવતીકાલે પણ શહેરમાં વરસાદની સંભાવના છે.

## તંત્રી સ્થાનેથી...

# પડકાર બનતી જતી આર્થિક અસમાનતા

*ગત દિવસોમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા આયોજિત વિશ્વ આર્થિક મંચના દાવોસ એજન્ડા શિખર સંમેલન દરમ્યાન રજૂ થયેલ બિનસરકારી સંગઠન 'ઓક્સફેમલ્લનો રિપોર્ટ 'ઇનઇક્વલિટી કિલ્સલ્લ અનુસાર કોરોના મહામારીના દોરમાં અમીરો જ્યાં અમીર થતા જાય છે, ત્યાં જ ગરીબો ગરીબ થતા જાય છે. રિપોર્ટ અનુસાર મહામારી દરમ્યાન ભારતના અબજોપતિઓની કુલ સંપતિ વધીને બેગણાથી વધારે થઈ ગઈ અને એ દરમ્યાન ભારતમાં અબજોપતિઓની સંખ્યા પણ ૩૯ ટકા વધીને ૧૪૨ થઈ ગઈ છે. દેશના દસ સર્વાધિક અમીર લોકો પાસે એટલી સંપત્તિ છે જેનાથી અઢી દાયકા સુધી દેશના દરેક બાળકને સ્કૂલી શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ આપી શકાય છે. આર્થિક અસમાનતા પર આવેલ આ રિપોર્ટ અનુસાર ૧૪૨ ભારતીય અબજોપતિઓ પાસે કુલ ૭૧૯ અબજ અમેરિકી ડોલર એટલે કે ૫૩ લાખ કરોડ રૂપિયાથી વધારેની સંપત્તિ છે અને દેશના સૌથી અમીર ૯૮ લોકોની કુલ સંપત્તિ ભારતના ૫૫.૫ કરોડ સૌથી ગરીબ લોકોની કુલ સંપત્તિના બરાબર છે.*

*ઓક્સફેમના રિપોર્ટમાં એ પણ જણાવાયું છે કે મહામારી દરમ્યાન સૌથી ધનિક ૧૦ ટકા લોકોએ રાષ્ટ્રિય સંપત્તિના ૪૫ ટકા હાંસલ કર્યા, જ્યારે નીચલા સ્તરની ૫૦ ટકા આબાદીના હિસ્સે માત્ર છ ટકા રકમ જ આવી. રિપોર્ટમાં સરકારને રાજસ્વ સર્જનના પ્રાથમિક સ્ત્રોતો પર પુનર્વિચાર કરવા તથા કર પ્રણાલીને વધુ પ્રગતિશીલ રીતે અપનાવવાનો આગ્રહ કરતાં સૂચન કરવામાં આવ્યું છે કે આ અબજોપતિઓ પર વાર્ષિક સંપત્તિ કર લગાવવાથી પ્રતિ વર્ષ ૭૮.૩ અબજ અમેરિકી ડોલર મળશે, જેનાથી સરકારી સ્વસ્થ્ય બજેટમાં ૨૭૧ ટકા વધારો થઈ શકે છે. કોરોના મહામારીના આ દોરમાં એક તરફ જ્યાં કરોડો લોકોના કામધંધા ચોપટ થઈ ગયા છે, ત્યાં જ લાખો લોકોની નોકરીઓ છૂટી ગઈ, અનેક લોકોના કારોબાર નુક્સાનમાં ચાલ્યા ગયા, ત્યાં જ કેટલાક ઉદ્યમીઓ છે, જેમને આ મહામારીએ પહેલાં કરતાં કેટલાય ગણા વધુ માલામાલ કરી દીધા. આંકડા જોઇએ તો ભારતમાં માર્ચ ૨૦૨૦થી નવેમ્બર ૨૦૨૧ વચ્ચે દેશના ૮૪ ટકા પરિવારોની કમાણીમાં ઘટાડો થયો અને ૪.૬ કરોડ લોકો તો અત્યંત ગરીબીમાં ચાલ્યા ગયા. આ દરમ્યાન જેટલા લોકો આખી દુનિયામાં ગરીબીમાં ફસાયા, ભારતમાં તે સંખ્યા તેની અડધી છે. એક તરફ જ્યાં ગરીબોની સંખ્યા બહુ ઝડપથી વધી છે, ત્યાં જ ભારતમાં હવે એટલા અબજોપતિ થઈ ગયા છે, જેટલા ફ્રાન્સ, સ્વીડન તથા સ્વિટ્ઝરલેન્ડમાં મળીને પણ નથી. અતિ ધનાઢ્ય વર્ગ તથા અત્યંત ગરીબીમાં ફસાયેલા લોકો વચ્ચે પહોળી થતી ખાઈ અન્ય કમજોર વર્ગોને પણ પ્રભાવિત કરે છે. આર્થિક વિષમતા ચિંતાજનક સ્તરે વધી ગઈ છે અને વિશ્વ બેંક પહેલેથી જ ચેતવણી આપી ચૂકી છે કે દસ કરોડથી વધારે લોકો ચરમ ગરીબીમાં ધકેલાઈ શકે છે. ઓક્સફેમના રિપોર્ટમાં ગયા વર્ષે પણ સ્પષ્ટ શબ્દોમાં કહેવાયું હતું કે જ કોરોનાના કુબેરો પાસે વસૂલી થાત તો ભૂખમરો ન ફેલાત.*

*વિશ્વના કેટલાય અન્ય દેશો સાથે ભારતમાં પણ વધતી આર્થિક અસમાનતા ઘણી ચિંતાજનક છે, કારણ કે વધતી વિષમતાનો દુષ્પ્રભાવ દેશના વિકાસ અને સમાજ પર દેખાય છે અને તેનાથી કેટલાય પ્રકારની સામાજિક અને રાજકીય વિસંગતિઓ પણ પેદા થાય છે. લગભગ બે વર્ષપહેલાં પણ એ તથ્ય જોવા મળ્યું હતું કે ભારતના ફક્ત એક ટકા સર્વાધિક અમીર લોકો પાસે જ દેશની ઓછી આવકવાળી સિત્તેર ટકા આબાદીની તુલનામાં ચાર ગણાથી વધારે અને દેશના અબજોપતિઓ પાસે દેશના કુલ બજેટ કરતાં વધારે સંપત્તિ છે. આજે વિશ્વ આર્થિક પત્રિકા 'ફોર્બ્સલ્લની અબજોપતિઓની યાદીમાં સો કરતાં ય વધારે ભારતીય છે જ્યારે ત્રણ દાયકા પહેલાં સુધી આ યાદીમાં એક પણ ભારતીય નામ ન હતું. જોકે દેશમાં અબજોપતિઓની સંખ્યા વધવી પ્રત્યેક ભારતીય માટે ગર્વની વાત હોવી જોઇએ, પંરતુ ગર્વ પણ ત્યારે લઈ શકાય જ્યારે એ જ અનુપાતમાં ગરીબોની આર્થિક સ્થિતિ પણ સુધરે.*

### ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૧,૨૧૨નો સાપ્તાહિક ધોરણે કડાકોઃ સોનું રૂ.૬૧ તૂટ્યું

# કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં સપ્તાહ દરમિયાન રૂ.૫૬,૨૨૮ કરોડનું નોંધપાત્ર નોશનલ ટર્નઓવરઃ ઈન્ડેક્સ વાયદામાં રૂ.૧,૭૪૩ કરોડનાં કામકાજઃ ક્રૂડ તેલના વાયદામાં વૃદ્ધિ

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૮ જાન્યુઆરીથી ૩ ફેબ્રુઆરીના સપ્તાહ દરમિયાન ૨૨,૦૪,૦૪૭ સોદાઓમાં કુલ રૂ.૧,૭૩,૯૪૦.૧૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૨૨૮ પોઈન્ટ, બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૪૦૫ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૬૩૮ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. દરમિયાન, સપ્તાહના અંતે નેચરલ ગેસના ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૬૨૩.૨૨ કરોડનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયું હતું.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧૯,૬૪૩ સોદાઓમાં રૂ.૧,૭૪૩.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭,૬૮૫ સોદાઓમાં રૂ.૬૦૩.૨૯ કરોડનાં ૮,૬૦૪ લોટ્સ, મેટલડેક્સ વાયદામાં ૮,૮૮૪ સોદાઓમાં રૂ.૮૬૫.૪૬ કરોડનાં ૯,૫૪૦ લોટ્સ અને એનર્જી ઈન્ડેક્સના વાયદામાં ૩,૦૭૪ સોદાઓમાં રૂ.૨૭૪.૮૪ કરોડનાં ૩,૧૭૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ વાયદામાં ૧,૮૦૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૦૯૫ લોટ્સ તેમ જ એનર્જી ઈન્ડેક્સ વાયદામાં ૩૨૯ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૪,૧૨૧ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૧૨૧ અને નીચામાં ૧૩,૮૯૩ના સ્તરને સ્પર્શી, ૨૨૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૦૫ પોઈન્ટ ઘટી ૧૩,૯૯૫ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૮,૨૫૫ના સ્તરે ખૂલી, ૪૦૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૮ પોઈન્ટ ઘટી ૧૮,૨૩૮ના સ્તરે પહોંચ્યો હતો. આ સામે એનર્જી ઈન્ડેક્સનો ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૬,૬૩૨ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં ૭,૨૩૫ અને નીચામાં ૬,૫૯૭ બોલાઈ, સપ્તાહ દરમિયાન ૬૩૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૩૮૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬,૯૬૯ના સ્તરે બંધ થયો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, એમસીએક્સ પર કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૬,૪૭,૯૯૮ સોદાઓમાં રૂ.૫૬,૨૨૮.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૬૦.૯૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૨૬.૮૦ કરોડ અને બિનલોહ ધાતુઓમાં તાંબુ તથા નિકલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯.૯૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧,૯૧૭.૬૬ કરોડનાં ૭,૭૨,૦૩,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૨૧૩.૨૮ કરોડનાં ૫,૮૫,૯૫,૦૦૦ એમએમબીટીયૂનાં કામકાજ થયાં હતાં.

હવે વાયદાની વાત કરીએ તો, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૧૦,૦૫૭ સોદાઓમાં કુલ રૂ.૪૬,૮૮૨.૮૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૪૭,૯૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૮,૦૯૯ અને નીચામાં રૂ.૪૭,૪૭૯ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૧ ઘટી રૂ.૪૭,૮૪૯ના ભાવે બંધ થયો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૮ ઘટી રૂ.૩૮,૪૭૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૪,૭૯૦ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૨,૨૨૨ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૨૨૨ અને નીચામાં રૂ.૫૯,૯૫૧ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૨૧૨ ઘટી રૂ.૬૦,૭૩૨ બંધ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૪૯ ઘટી રૂ.૬૧,૦૬૦ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૬૫ ઘટી રૂ.૬૧,૦૫૯ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં એમસીએક્સ પર ૫,૯૬,૮૨૬ સોદાઓમાં કુલ રૂ.૪૪,૧૯૨.૭૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૫૪૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૦૬ અને નીચામાં રૂ.૬,૪૫૩ સુધી જઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૮૬ વધી રૂ.૬,૬૪૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૮.૨૦ વધી રૂ.૩૬૯.૩૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં એમસીએક્સ પર ૯,૨૨૨ સોદાઓમાં રૂ.૧,૦૮૭.૭૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૧,૯૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૦૧૨ અને નીચામાં રૂ.૧૯૮૩ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૩ વધી રૂ.૧,૯૯૬ બંધ થયો હતો. આ સામે રબર ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૬૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૭,૫૦૦ અને નીચામાં રૂ.૧૬,૬૩૯ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૪૦ વધી રૂ.૧૬,૮૦૭ના ભાવે બંધ થયો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૭૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૧૭૫ અને નીચામાં રૂ.૧૧૭૫ સુધી જઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૫ વધી રૂ.૧૧૭૫ બંધ થયો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૯૦ ઘટી રૂ.૯૭૨.૧૦ અને કોટન ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૩૭,૩૯૦ બંધ થયો હતો. કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧,૨૦,૦૧૯ સોદાઓમાં રૂ.૨૧,૩૮૪.૯૩ કરોડનાં ૪૪,૭૩૬.૬૨૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૬,૯૦,૦૩૮ સોદાઓમાં કુલ રૂ.૨૫,૪૯૭.૯૧ કરોડનાં ૪,૧૪૮.૦૩૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧,૮૯,૦૫૦ સોદાઓમાં રૂ.૧૮,૬૧૦.૧૨ કરોડનાં ૨,૮૩,૦૮,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૪,૦૭,૭૭૬ સોદાઓમાં રૂ.૨૫,૫૮૨.૬૩ કરોડનાં ૭૦,૨૩,૦૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૬ સોદાઓમાં રૂ.૦.૨૪ કરોડનાં ૨૪ ટન અને કોટનના વાયદાઓમાં ૮,૫૮૧ સોદાઓમાં રૂ.૧,૦૫૨.૭૦ કરોડનાં ૨૮૧૩૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૩૮ સોદાઓમાં રૂ.૨૧.૦૪ કરોડનાં ૨૧૫.૬૪ ટન, રબરના વાયદાઓમાં ૭૨ સોદાઓમાં રૂ.૧.૫૪ કરોડનાં ૯૧ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨૫ સોદાઓમાં રૂ.૧૨.૨૫ કરોડનાં ૧,૦૪૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૮૨૫.૬૬૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૪૭.૮૨૨ ટન, ક્રૂડ તેલમાં ૧૩,૧૨,૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૭,૦૦,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૨ ટન, કોટનમાં ૧૮૦૫૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૩૯૮.૧૬ ટન, રબરમાં ૬૭ ટન, સીપીઓમાં ૪,૦૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

# જ્યોતિરાદિત્ય સિંધિયાએ અંગ્રેજી સવાલનો આપ્યો હિંદીમાં જવાબ, થરૂરે કહ્યું- 'અપમાન કર્યું'



નવીદિલ્હી,તા.૪

ભૂતકાળમાં એક જ પાર્ટીના સહયોગી રહી ચુકેલા જ્યોતિરાદિત્ય સિંધિયા અને શશિ થરૂર આજે હિંદી ભાષાના ઉપયોગને લઈ એકબીજાના વિરોધમાં ઉભેલા જોવા મળી રહ્યા છે.ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ અંગ્રેજીમાં પુછવામાં આવેલા સવાલનો હિંદીમાં જવાબ આપ્યો હતો. તિરૂવનંતપુરમના કોંગ્રેસી સાંસદ શશિ થરૂરે તેને 'અપમાન' ગણાવ્યું હતું.તમિલનાડુના સદસ્યો દ્વારા અંગ્રેજીમાં પૂરક પ્રશ્નો પુછવામાં આવ્યા હતા જેનો કેન્દ્રીય મંત્રીએ હિંદીમાં જવાબ આપ્યો હતો. ત્યાર બાદ શશિ થરૂરે તરત જ ટિપ્પણી કરી હતી કે, મંત્રીએ હિંદીમાં જવાબ આપ્યો તે 'અપમાન' હતું.

થરૂરે કહ્યું કે, 'મંત્રી અંગ્રેજી બોલે છે, તેમને અંગ્રેજીમાં જવાબ આપવો જોઈએ. હિંદીમાં જવાબ ન આપશો, આ લોકોનું અપમાન છે.'આ વાતને લઈ નારાજ થયેલા જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું કે, એક સદસ્ય દ્વારા આ પ્રકારે ટિપ્પણી કરવામાં આવે તે અજીબ હતું. 'હું હિંદીમાં બોલ્યો તો વાંધો આવી રહ્યો છે, આપત્તિ છે. સદનમાં એક અનુવાદક પણ હતો.'

### ઉત્તર પ્રદેશ ચૂંટણી

# ગોરખપુરથી યોગી આદિત્યનાથે ઉમેદવારીપત્રક ભર્યું, અમિત શાહ હાજર રહ્યા

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથે શુક્રવારે ગોરખપુરથી ઉમેદવારીપત્રક ભર્યું છે. આ દરમિયાન તેમની સાથે ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર હતા. રાજ્યમાં ૧૦ ફેબ્રુઆરીએ યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણી માટે ચાર ફેબ્રુઆરથી ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પ્રશાસનિક રીતે પણ આ અંગે તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે.

યોગી આદિત્યનાથની ઉમેદવારીના કારણે ગોરખપુર શહેરની બેઠક ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં સૌથી હાઈ પ્રોફાઈલ બેઠક બની ગઈ છે.ગોરખપુરને યોગી આદિત્યનાથનો ગઢ ગણવામાં આવે છે. વર્ષ ૧૯૯૮થી ૨૦૧૭ સુધી યોગી આદિત્યનાથ અહીંના સાંસદ રહ્યા હતા.ગોરખપુરસ્થિત ગોરખનાથ મઠના પ્રમુખ હોવાના લીધે આ વિસ્તારમાં તેમનો ભારે પ્રભાવ છે.વળી, ઉત્તર પ્રદેશમાં ગોરખપુર બેઠક ભાજપ માટે સૌથી સુરક્ષિત બેઠકો પૈકીની એક છે.

વર્ષ ૧૯૯૧થી વર્ષ ૨૦૧૪ સુધી તમામ વિરોધી માહોલમાં પણ પૂર્વાંચલમાં જે એક બેઠક હંમેશાં ભાજપની ઝોળીમાં આવી, એ ગોરખપુર જ છે.યોગી આદિત્યનાથને આ બેઠક પરથી આઝાદ સમાજ પાર્ટીના સંસ્થાપક ચંદ્રશેખર પડકારી રહ્યા છે.આ વખતની ચૂંટણી એ માટે પણ રસપ્રદ રહેશે કે મુખ્ય મંત્રીપદના બન્ને મોટા દાવેદારો પોતપોતાની પાર્ટીના ગઢમાંથી ઉમેદવારી નોંધાવી રહ્યા છે.યોગી આદિત્યનાથ ગોરખપુર શહેરની બેઠક પરથી તો અખિલેશ યાદવ કરહલ બેઠક પરથી.

યોગી આદિત્યનાથના ઉમેદવારીપત્રક પહેલાં આયોજિત ભાજપની રેલીને સંબોધતાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ભાજપ આ વખતે ૩૦૦નો આંકડો પાર કરી લેશે. અમિત શાહે કહ્યું કે ભાજપ આ વખતે ફરીથી ઈતિહાસ રચશે. ×૨૦૧૪, ૨૦૧૭ અને ૨૦૧૯માં લોકોએ મોદીજીના નેતૃત્વમાં વિકાસનો રસ્તો અપનાવ્યો હતો.××અમે આ ઐતિહાસિક નિર્ણય કરીને ઉમેદવારી નોંધાવવા જઈ રહ્યા છે કે અમે ૩૦૦ બેઠકો પાર કરીશું.× તેમણે ઉમેર્યું, ×મને અહીંનો પ્રભારી બનાવાયો તો લોકો કહેતા હતા કે ભાજપ ડબલ ડિજિટ પાર નહીં કરી શકે અને થયું એવું કે વિપક્ષ ડબલ ડિજિટ પર પહોંચી ગયો.××ઉત્તર પ્રદેશ કે જે માફિયાઓ માટે જાણીતું હતું, યોગીજીના રાજમાં માફિયા ખુદ પોલીસની સામે સરેન્ડર કરી રહ્યા છે.××આજે માફિયા ત્રણ જગ્યાઓ પર જોવા મળે છે - જેલમાં, રાજ્યની બહાર કે સપાના ધારાસભ્યોની યાદીમાં.×

### આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલી બંને પિસ્તોલ દેશી બનાવટની

# ઓવૈસીના ડ્રાઈવરે વાહનને આગળ લઈ જવાને કારણે આ પ્લાન નિષ્ફળ ગયો.: પોલીસ

મેરઠ,તા.૪

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (એઆઈએમઆઈએમ)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર હુમલાના મામલામાં પોલીસે ઘણા ખુલાસા કર્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલી બંને પિસ્તોલ દેશી બનાવટની છે. સચિને આ હથિયાર થોડા દિવસ પહેલા ખરીદ્યું હતું. પોલીસ હથિયાર વેચનારની ધરપકડ કરવા પ્રયાસ કરી રહી છે.

ફાયરિંગ કરનાર આરોપી સચિન ઓવૈસીના લગભગ દરેક ભાષણને ફોલો કરતા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર બંને આરોપીઓ મેરઠમાં ઓવૈસીની મીટિંગમાં પણ હાજર હતા. પોલીસ હવે મેરઠમાં સભા સ્થળની આસપાસના સીસીટીવીની તપાસ કરશે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બંને આરોપીઓ છેલ્લા ઘણા દિવસોથી ઓવૈસીનો પીછો કરી રહ્યા હતા. હુમલાને અંજામ આપવા તે ઓવૈસીની સભાઓમાં હાજર રહેતા હતા તેમણે ગુનાને અંજામ આપવા માટે સંપૂર્ણ પ્લાનિંગ કર્યું હતું.પ્લાન એવો પણ હતો કે ફાયરિંગ બાદ ભીડથી બચવા બંને સીધા પોલીસ સ્ટેશન જશે. પરંતુ ઓવૈસીના ડ્રાઈવરે વાહનને આગળ લઈ જવાને કારણે આ પ્લાન નિષ્ફળ ગયો.

આરોપી સચિને પૂછપરછ દરમિયાન જણાવ્યું કે તે ઓવૈસી અને તેના ભાઈના ભાષણથી ઘણો ગુસ્સે હતો. બંને આરોપીઓને લાગે છે કે ઓવૈસી ભાઈઓ તેમના વિશ્વાસ સાથે રમત રમી રહ્યા છે. બંને આરોપીઓની પૂછપરછ કરનાર અધિકારીએ જણાવ્યું કે બંને વૈચારિક રીતે ખૂબ જ કટ્ટરપંથી છે.

ઓવૈસી પર હુમલાના વિરોધમાં શુક્રવારે પાર્ટીના સભ્યો દેશભરમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરશે. આ દરમિયાન અસદુદ્દીન ઓવૈસી પર હુમલાની તપાસની માંગ સાથે ડીએમ અથવા કમિશનરને એક મેમોરેન્ડમ આપવામાં આવશે. ઔરંગાબાદના AIMIM સાંસદ ઈમ્તિયાઝ જલીલે ઉત્તર પ્રદેશમાં યોજાનારી ઓવૈસીની જાહેર સભાઓ માટે કડક સુરક્ષાની માંગ કરી છે.

અસદુદ્દીન ઓવૈસીએ દાવો કર્યો હતો કે મેરઠથી પરત ફરતી વખતે તેમની કાર પર ૪ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઓવૈસીએ કહ્યું કે મેરઠથી પરત ફરતી વખતે તેમના પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે બધાને ખબર છે કે અમે મેરઠથી દિલ્હી જવા નીકળ્યા છીએ. બધા જાણે છે કે ટોલ પ્લાઝા પાસે કાર ધીમી પડી અને આ દરમિયાન હુમલાખોરે મને નિશાન બનાવીને ગોળીબાર કર્યો. જ્યારે હુમલાખોરોએ ગોળીબાર કર્યો ત્યારે અમારા ડ્રાઈવરે સમજદારી બતાવી અને તરત જ ત્યાંથી ભાગી ગયા. આ લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ, તેઓએ મારી હત્યાનો પ્રયાસ કર્યો છે.

# ભારતનો બેરોજગારી દર જાન્યુઆરી ૨૦૨૨માં ઘટી ૬.૫૭% પર આવી ગયો

નવીદિલ્હી,તા.૪

ઓમિક્રોન સંક્રમણના કેસો ઘટવા વચ્ચે નિયંત્રણોમાં પણ ઢીલ પછી ભારતનો બેરોજગારી દર જાન્યુઆરી ૨૦૨૨માં ઘટી ૬.૫૭% પર આવી ગયો છે જે માર્ચ, ૨૦૨૧ પછીનો ન્યુનતમ સ્તર પર છે. અર્થવ્યવસ્થાની સ્થિતિ પર નજર રાખવા વાળી ગેર સરકારી સંસ્થા સીએમઆઈઈએ જાન્યુઆરીના આંકડા જારી કરતા કહ્યું કે આ મહિનામાં બેરોજગારી દરમાં ખાસો ઘટાડો જોવા મળ્યો છે અને આ ઘટીને ૬.૫૭% પર આવી ગયો. જો કે શહેરી ભારતમાં બેરોજગારી દર ઊંચા સ્તર પર બનેલો છે.

સીએમઆઈઈએ કહ્યું કે, જાન્યુઆરીમાં કોઈ ક્ષેત્રોમાં બેરોજગારી દર ૮.૧૬% રહ્યો જ્યારે ગ્રામીણ ક્ષેત્રોમાં આ ૫.૮૪% નોંધાયો છે. આ પહેલા ડિસેમ્બર ૨૦૨૧માં કુલ બેરોજગારી દર ૭.૯૧% આંકવામાં આવ્યો હતો જેમાં શહેરી ક્ષેત્રનો દર ૯.૩૦% અને ગ્રામીણ ક્ષેત્રનો દર ૭.૨૮% રહ્યો હતો.

જાન્યુઆરીમાં સૌથી ઓછો બેરોજગારી દર તેલંગાણામાં જોવા મળ્યો તો સૌથી વધુ હરિયાણામાં. તેલંગાણામાં આ આંકડો ૦.૭ ટકા હતો, ત્યારબાદ ગુજરાત (૧.૨ ટકા), મેઘાલય (૧.૫ ટકા) અને ઓડિશા (૧.૮ ટકા)નો નંબર આવે છે. બીજી તરફ, હરિયાણા ૨૩.૪ ટકાના બેરોજગારી દર સાથે યાદીમાં ટોચ પર છે. તે પછી રાજસ્થાનનું સ્થાન આવે છે, જ્યાં ૧૮.૯ ટકા બેરોજગારી હતી.ડિસેમ્બર,૨૦૨૧માં અનુમાન લગાવ્યું હતું કે દેશમાં બેરોજગારોની કુલ સંખ્યા લગભગ ૫૩ મિલિયન છે, જેમાં મહિલાઓનો મોટો હિસ્સો છે.

બેરોજગારીના આંકડાઓ પર, સીએમઆઇએઇના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર મહેશ વ્યાસે જણાવ્યું હતુ કે ડિસેમ્બરમાં, લગભગ ૩૫ મિલિયન બેરોજગાર લોકો સક્રિયપણે કામની શોધમાં હતા અને તેમાંથી લગભગ ૮ મિલિયન મહિલાઓ હતી. તેમણે કહ્યું કે ૧.૭ કરોડ એવા લોકોને જોડવા મહત્વપૂર્ણ છે જેઓ રોજગાર ન હોવા છતાં સક્રિયપણે કામ શોધી રહ્યા નથી.

# કોરોના સામે રસીકરણ જ એકમાત્ર રક્ષણ

નવીદિલ્હી,તા.૦૪

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચની નેશનલ ક્લિનિકલ રજિસ્ટ્રી ઑફ મેડિકલ રિસર્ચ અનુસાર, કોવિડ-૧૯ સાથે હોસ્પિટલમાં દાખલ થયેલા તમામ રસીકરણ કરાયેલા લોકોમાંથી ૧૦% મૃત્યુ પામ્યા હતા, જ્યારે આંશિક રીતે અથવા ફરીથી રસી આપવામાં આવી હતી. રસી વગરના હતા તેમના માટે મૃત્યુનું જોખમ બમણું હતું. હોસ્પિટલમાં દાખલ કોરોના દર્દીઓમાં દર્દીઓના મૃત્યુને લઈને સરકારી વિશ્લેષણમાં આ આંકડા સામે આવ્યા છે. ICMRના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે જણાવ્યું હતું કે, "વધુમાં, રસીકરણ વિનાના લોકોની સરખામણીએ રસી મેળવનારાઓમાં (૫.૪%) વેન્ટિલેશનની જરૂરિયાત ઘણી ઓછી હતી. વિશ્લેષણમાં એ પણ જાણવા મળ્યું છે કે, હોસ્પિટલમાં દાખલ થવાની સરેરાશ ઉંમર ત્રીજી લહેર દરમિયાન ઓછી હતી – ૪૪ વર્ષ – પ્રથમ લહેરમાં ૫૫ વર્ષની સરખામણીમાં પરંતુ આ લહેરમાં કોમોર્બિડ દર્દીઓની સંખ્યા વધુ હતી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડિરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે કહ્યું કે કોવિડની આ લહેરમાં દર્દીઓમાં ગળામાં ખરાશની સમસ્યા વધુ જોવા મળી હતી. તેમણે કહ્યું કે અગાઉની લહેરની તુલનામાં, ૪૪ વર્ષની સરેરાશ વય ધરાવતી થોડી નાની વસ્તી આ લહેરમાં વધુ સંક્રમિત હતી. ભાર્ગવે કહ્યું કે, અગાઉની લહેરમાં ચેપગ્રસ્ત વસ્તીની સરેરાશ ઉંમર ૫૫ વર્ષ હતી. આ ડેટા કોવિડ-૧૯ની 'નેશનલ ક્લિનિકલ રજિસ્ટ્રી'માંથી આવ્યો છે, જેમાં ૩૭ મેડિકલ સેન્ટરોમાં દાખલ દર્દીઓ વિશે ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. ભાર્ગવે કહ્યું, 'અમે અભ્યાસ કર્યો બે સમયગાળો હતો. ૧૫ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધીનો સમયગાળો હતો, જ્યારે ડેલ્ટા વેરિઅન્ટનું વર્ચસ્વ હોવાનું માનવામાં આવે છે. બીજો સમયગાળો ૧૬ ડિસેમ્બરથી ૧૭ જાન્યુઆરી સુધીનો હતો, જ્યારે ઓમિક્રોનને વધુ કેસ મળ્યા હોવાનું માનવામાં આવે છે. ભાર્ગવે જણાવ્યું હતું કે હોસ્પિટલમાં દાખલ ૧,૫૨૦ વ્યક્તિઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું અને આ ત્રીજી લહેર દરમિયાન તેમની સરેરાશ ઉંમર ૪૪ વર્ષની આસપાસ હતી.

ન્યૂઝ ઑફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




## NOG વસંતોત્સવ - ૨૦૨૨

### NOG NO.0059.

"વસંત ના વધામણાં" ના વિષય ને અનુરુપ મારી કવિતા જે "શબ્દ સુગંધ" મા છપાયેલીછે તે મોકલી રહ્યોછુ.

"વસંત નો વૈભવ"

વસંત આવી શું શું લાવી
ઠંડા ઠંડા વાયરો લાવી
ફાગણ કેરો ફાગ લાવી
ફૂલડા કેરો છાબ લાવી
પતગિયાંનો પમરાટ લાવી
પ્યારે' વસંત આવી...
કેસુડાને સંગ લાવી
હોળી કેરા રંગ લાવી
ભાઈચારાનો ભાવ લાવી
આંબા ડાળે મોર લાવી
કોયલ કેરા ટહુંકાં લાવી
પ્યારે'વસંત આવી...
યોવન નો ઉન્માદ લાવી
પૂર્ણતાનો સંદેશ લાવી
વિરતાની હાક લાવી
સોળે શણગાર લાવી
મનભાવન વસંત આવી
પ્યારે' વસંત આવી...

જયકાન્ત ઘેલાણી-પ્યારે".

---

### NOG: SS: NO.:0101

વસંતના વધામણાં ના વિષયને અનુરૂપ મારી કવિતા

વસંતઋતુ

આવી રે આવી રે વસંતઋતુ આવી રે
છૈલા ગુમાની રે વસંતઋતુ આવી રે
ત્રિવિધ પવન સુખે સરે મનોહર નાચે રે
ભમરાઓ ગુંજે રે વસંતઋતુ આવી રે
કોમલ અંગી મૃગનયની અતિ હી ઝૂમે રે
લાલ લહેંગા ઘૂમે વસંતઋતુ આવી રે
આવ્યું જોબન કામિની પ્રિય સંગ ખેલે રે
રંગરસિયા ઝૂલે વસંતઋતુ આવી રે
મન મોહ્યું તારામાં વસંતઋતુ આવી રે
તન મન ધન આપ્યું રે વસંતઋતુ આવી રે

---

### NOG: NOG SS 0092

પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- વસંતના વધામણાં

સલુણા વસંતની આ સ્નેહભરી ઘડી છે,
કુદરત જાણે ખોબલે-ખોબલે સોનેથી મઢી છે.
કેસુડાની મોજુદગીથી ડાળ-ડાળ શોભી પડી છે,
પિયુ મિલનના તલસાટે ધરા એ ચૂંદડી લીલી ઓઢી છે.
વસંતની આલબેલની કેસૂડા એ પોકારી છડી છે,
ફૂલડાના તાણે-તાણે ફોરમ મનભરીને ચઢી છે.
વનરાજી પણ વાયરા સંગ મસ્તીએ ચઢી છે,
કોયલના કુંજારવ સાથે પ્રકૃતિએ તાન છેડી છે.
ભ્રમરના ભમરાવા માટે ફૂલોની બેડી છે,
ફૂલોએ સપ્તરંગી રંગો સાથે સંગત જોડી છે.
પ્રેમની હેલી માનવ હૈયે ખૂબ ચઢી છે,
પશુ-પક્ષીનેય 'ઋતુરાજ'ની રંગત રુડી છે.
પાનખરથી જર્જરિત થયેલા વૃક્ષોના રૂપ પર પુનઃ યુવાની ચઢી છે,
'સમય બદલાય છે' એ પ્રતીતિ કરવાની આ ઘડી છે.
રંગોએ નિખરવા સુગંધનેય સાથે તેડી છે,
ક્યાંક ઉન્મુક્ત થઈ નાચતી ધરા, તો ક્યાંક લાજની બેડી છે.
આશાઓને ઉમંગોની નિશાની આ વસંતમાં જ પડી છે,
મારા અસ્તિત્વની સુંદર ક્ષણો મને હંમેશા વસંતમાં જ જડી છે.

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

---

### NOG: NOG SS : 0086

વિષય : વસંતનાં વધામણાં
પ્રકાર : પદ્ય

વાસંતી વાયરો વાયો ને હૈયે ફૂંટી નાની - શી કૂંપળ,
ઉગ્યો કુમળો સ્પર્શ, ને બરછટ ટેરવાં થયાં સળવળ.
મ્હેંક્યું રોમેરોમ આજ તો, ને મ્હોર્યો કેસુડો ડાળે-ડાળ,
ભરબપોરે ટહુકી મીઠડું કોયલ આજ આંબલિયા ડાળ.
ગહેંક્યો મોરલો કહી ગયો સાનમાં ને થયું મન ચંચળ
નદીએ આવ્યાં નીર ને વહી ગયું આ ઝરણું ખળખળ
વેઠી પાનખર તો આવી વસંત આજ મનને આંગણ,
વસંતનો વૈભવ ક્યાં ટકે? બે ઘડી મનમાં જાગે ફાગણ
માણી લે આ ક્ષણોને 'ઝીલ', ક્યાં લગી શ્વાસોનું પહેરણ,
પાનખરનાં હૈયે ટહુકી રહ્યું છે વાસંતી મહેંકનું સ્મરણ.!!

- વૈભવી જોશી 'ઝીલ'

---

### NOG સાહિત્ય સરિતા ગ્રુપ

વિષયઃ-વસંત પંચમી
શીર્ષકઃ-"વધામણાં વસંતનાં"
nog no. 106
નામઃ- મુક્તિદા કુમાર 'મનચલી'

પગલે પગલે રે
પાનખર ને
કોરા ધાકોડ, એકલસૂડાં ઝાડવાંની ડાળીઓ!
એ પંખીડાંનો
ચહચહાટ
હા સાવ લૂખો લાગે !
જોને આ
પગલે પગલે તે
પાનખરની પાછળ,
ફૂટતી એ ગુલાબી
કીસલય-કૂંપળીઓ!!
હારે!! વસંતની
વધામણી દે હો જી.
આજ ઓચ્છવ
ઊજવાય પંચમી!
ખિલખિલાટ ચહચહાટ
કુંજગલી કરતી.
સૂતી સજાવતી
આનંદે ધરા.
આજ પંચમીના
રે ગીત ગાતી ગાતી
પગલે પગલે રે
પાનખરને...
ફુલડે ફુલડાથી
ફોરમ વહાવતી
વસંત પંચમી...
આનંદે ધરા
આજે પંચમી..

---

### NOG: NOG.S.S.NO:0032

સાહિત્ય સરિતા
વિષયઃ વસંતપંચમી
પ્રકાર : પદ્ય
શીર્ષકઃ વસંતનુ આગમન

વસંતના વાયરા વાયા,અને પાનખરે વિદાય લીધી.અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ....
વસંતપંચમીના પગલે મળી છે મને વસંતો,
વસંતે ટહુક્યા મોર અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
વસંતના સંગ રંગે રંગાયા,ફળ ફૂલ ગુલાબી સંગ રંગ, અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
સૂર તાલ મિલાવી ઢેલડી સંગ,વાયરે ઉભી ઓલી ચકલી સંગ, અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
ફરફર કરતી ઉડે આકાશ સંગ,આકાશે બ્લુ વાદલડી સંગ, અને આવ્યો મારો પ્રીતમનો સંદેશ.
આંબાવાડિયામાં ટહુકી મીઠડી કોયલ,અને આંબે આવ્યા મ્હોર.અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ...
વનરાવનમાં ઓલો મોરલીયો ટહુકાર કરે અને નાચે એની મીઠી ઢેલ.અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
ડાળીએ ડાળીએ ફૂલડાં ખીલ્યાં અને મધુરપ વેરે ઓલો ભ્રમર. અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
રંગરંગના ફૂલડાં પર ઉડે રંગબેરંગી પતંગિયા અને ગણ ગણ કરતી મધમાખીઓ. અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
વેલલત્તાના હિંડોળા વચ્ચે વાગે કાનાની બાંસૂરી ,રાધાજી સ્મિત વેરે અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.
વસંત ખીલ્યો એની વાસંતી સંગ, પ્રણય ફૂલ્યો અને ફાલ્યો અંગ અંગ અને મળ્યો મારા પ્રીતમનો સંદેશ.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

### NOG SS NO: 004

વિષયઃવસંત
શબ્દ-૧૦૫
શીર્ષકઃ આજ વસંત આવી

કૂંણા ટહુકારનો રણકાર કરતી
પીળા પાનેરી શણગાર કરતી,
આજ વસંત આવી..??
મુશ્કારતી મંદ મંદ મધુરું ઉષા આવતી,
રોશનીનો તેજ-પુંજ તે ચહુ ફેલાવતી,
આજ વસંત આવીપ??
કોકિલા તેના સૂર આંબે ટહુકાવતી,
સંગીતની સરવાણી જાણે રેલાવતી,
આજ વસંત આવીપ??
મા શારદાનાં પૂજન અર્ચન કરાવતી,
સોળે શણગાર સજી ઋતુ આ આવતી,
આજ વસંત આવી..??
રંગોની રંગપંચમીનાં પ્રસરાવતી,
સરસોંની ડાળીઓ સૌને મહેકવાતી,
આજ વસંત આવી..??
ઋતુઓનો રાજા ને ..
ઋતુઓની રાણી કહેવાતી,
બારે માસ સૌને તે વાટ જોવડાવતી,
આજ વસંત આવી??
સૌને અંતરમને આનંદ વરસાવતી
પ્રિય તું મનભાવન સૌની ચહિતી,
આજ વસંત આવી..??

જયશ્રી પટેલ

---

### NOGSS/0044

પ્રકારઃ- પદ્ય
વિષયઃ- વસંત
શીર્ષકઃ- વસંતને આવકાર.

આવકારીએ
હૈયે ધરી ઉમંગ
વસંત ઋતુ.
વસંત ઋતુ
લાવે હર્ષ ઉલ્લાસ
આનંદાનંદ.
હર્ષ ઉમંગ
વસંતમાં ઉછળે
ચોગરદમ.
સહુની પ્રિય
વસંત ઋતુ આવી
આનંદાનંદ.
વસંત ઋતુ
હૈયે થનગનાટ
મિલન કાજ.
વસંત ઋતુ
કવિ ગ્રહે કલમ
રચે કવન.
ખીલે પલાશ
વસંત કેરો ઠાઠ
કરે બેચેન.
ખીલી વસંત
અધરે સળવળાટ
મિલન કાજ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

### NOG SS No : 0110

પ્રકાર : ગદ્ય
વિષય : વસંતપંચમી
શીર્ષક : 'વસંતોત્સવ'
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

'વસંતોત્સવ'

હિન્દુ પંચાગ પ્રમાણે મહા મહિનાના શુક્લ પક્ષની પંચમી એટલે વસંતપંચમી,જે હિન્દુ સંપ્રદાયમાં વિશેષ મહત્વ ધરાવે છે. આ દિવસને મા સરસ્વતીનો પ્રાગટ્ય દિવસ માનવામાં આવે છે. સરસ્વતી માતાને સાહિત્ય, સંગીત અને કલાની દેવી માનવામાં આવે છે. એમણે ધારણ કરેલ વીણા સંગીતનું, પુસ્તક સાહિત્યનું અને વાહન મયૂર કલાની અભિવ્યક્તિ કરે છે. સરસ્વતી દેવીને જ્ઞાનની દેવી પણ માનવામાં આવે છે. માનવામાં આવે છે કે મા સરસ્વતીના આગમનથી પ્રકૃતિનો શ્રૃંગાર થયો અને માનવ જીવનમાં સાહિત્ય અને કળા નો ઉમેરો થયો. તેથી વસંતપંચમીના દિવસે મા સરસ્વતીની પૂજા અર્ચના કરવાનું એક અલગ માહાત્મ્ય છે.

કુદરતે આપણને ઋતુઓની વિવિધતા પ્રદાન કરી છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણ મુખ્ય ઋતુઓ છે. ભારતમાં વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, શીશીર અને હેમંત આ છ પેટા ઋતુઓ છે. એમાં વસંતને તો ઋતુઓનો રાજા સંબોધાય છે. બધી ઋતુઓમાં વસંતઋતુના સૌદર્યની વાત જ નિરાળી છે. આ ઋતુમાં કુદરત તો સોળે કળાએ ખીલી જ ઉઠે છે, પણ સાથે સાથે માનવીના હૈયા પણ ઝુમી ઉઠે છે.વસંતનો આ અનેરો વૈભવ કવિઓની કલમ અને ચિત્રકારની પીછીને અવનવા સર્જનની પ્રેરણા આપે છે.

વસંતપંચમી વસંતઋતુના વધામણાં લઈને આવે છે. વસંત પહેલાં શિશિર આવે છે. શિશિરમાં વૃક્ષ-વેલાના પાંદડા સુકાઇને ખરી પડે છે. વસંત એ નવસર્જનની ઋતુ છે. વાસંતી વાયરા સુકાઇ ગયેલા વૃક્ષો અને વેલાઓમાં નવા પ્રાણ પૂરે છે. તેમની ડાળીઓમાં નવી કૂંપળો ફૂટે છે. સૂકાભઠ્ઠ ખાખરાના વૃક્ષો પણ કેસુડાના લાલચટક ફૂલોથી છવાઈ જાય છે. કમળના ફૂલોથી સરોવર શોભી ઊઠે છે. વસંતઋતુમાં ઉપવનોમાં પુષ્પોના મનમોહક રંગો અને સુગંધ તેના અનુપમ સૌંદર્યમાં ઉમેરો કરે છે. ભમરાના મધુર ગુંજારવ અને કોયલના કર્ણપ્રિય ટહુકાથી વાતાવરણ જીવંત બની જાય છે.

વસંતઋતુમાં શીતળ વાસંતી વાયરો અને સૂર્યનાં કોમળ કિરણોનો સ્પર્શ માનવજીવનને તાજગીથી તરબતર કરી દે છે. ઋતુના પ્રાકૃતિક વૈભવથી અભિભૂત થયેલો માનવી વિવિધ ઉત્સવો ઉજવીને વસંતોત્સવ મનાવે છે. આપણા દેશમાં આ ઋતુમાં હોળી અને ધૂળેટીના ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે અને ચોમેર ઉછળતા અબીલ-ગુલાલમાં જીવનનો ઉલ્લાસ છલકે છે. ઢોલ, ત્રાંસા અને મૃદંગના તાલ સાથે ગવાતી વસંતના ગીતોની મીઠી ધૂન અનેરો આનંદ આપે છે. આમ વસંતઋતુ એ માનવજીવનને સાચા અર્થમાં નવપલ્લવિત કરનારી ઋતુ છે.

---

### N.O.G. S.S. No 0102.

વિષય.:- વસંત પંચમી.
પ્રકાર. :- . ગદ્ય.
શીર્ષક. :- વસંત પંચમી અને દ્વારકામાં તેની ઉજવણી.

માહ મહિના સુદ પાંચમનો દિવસ એ વસંત પંચમીનો ઉત્સવ .સારા ભારત અને દુનિયાના દેશોમાં તેને, મનાવવામાં આવે છે.વસંત પંચમી ,અખાત્રીજ, બેસતુ વર્ષ ,એવા દિવસો છે જેને વિજય મુહૂર્ત ના દિવસો તરીકે ઓળખવામાં આવે છે. કોઈપણ શુભ કાર્ય કરવા માટે આ દિવસોમાં કોઈ પણ પ્રકારનું મુહૂર્ત જોવામાં આવતું નથી અને બધા સારા કાર્યો થઇ શકે છે.

વાસ્તુપૂજન લગ્ન વગેરે ઘણા બધા કાર્યો આ દિવસે કરવામાં આવે છે.

રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો મુકામ તેણે વનમાં વસાવ્યો ,વસંત ઋતુ નો મહિમા કવિઓએ ખૂબ ગાયો છે .ચારે તરફ અનેક પ્રકારના વિવિધ રંગી ફૂલો ખીલે છે. ફળ-ફળાદી ,ધન-ધાન્યની ચારેબાજુ ભરમાર હોય છે. વસંત ઋતુનું વાતાવરણ પણ ખૂબ સુંદર અને આલ્હાદક હોય છે અને મનને આનંદ આવતો હોય છે .

આ દિવસે લોકો મોટાભાગે લગ્ન કરતા હોય છે.

સીતારામના લગ્ન થયા હતા ત્યારે જનક રાજાએ વસંત પંચમીને દિવસે પોતાની પુત્રી સીતાને વિદાય આપી હતી.

દ્વારકાની જો હું આપને વાત કરું તો ભગવાન શ્રી દ્વારકાધીશના મંદિરમાં વિશેષ પૂજા અર્ચના થાય છે .બપોરે એક વાગ્યાથી શરૂ કરી અને ત્રણ વાગ્યા સુધી વિશેષ પ્રકારના ભગવાનને વસંત પંચમીના શણગાર ધરાવવામાં આવે છે ભગવાનને જુદી જુદી રીતે આ અલંકારોઅને વસ્ત્રોથી સુશોભિત કરવામાં આવે છે. તેની આસપાસ બોર, શેરડી , જીંજવા રાખવામાં આવે છે .ભગવાનને દાળિયા અને ધાણી તેમજ જુદી જુદી જાતના અનેક ભોગ ધરાવવામાં આવે છે .શાસ્ત્રોક્ત વિધિથી ભગવાન દ્વારકાનાથ ની પૂજા અર્ચના અને આરતી કરવામાં આવે છે. સેંકડો લોકો આ દર્શન માટે દ્વારકા ઊંમટે છે .ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન કરી અને આનંદ પામેછે. છે ત્યાર પછી ધાણી અને દાળિયાનો પ્રસાદ લોકોને આપવામાં આવેછે.

દ્વારકામાં આજે ઘણી બધી ઠેકાને લગ્નના મંડપમાં બંધાયા છે . શરણાઇઓ વાગે છે.લોકો લગ્નનના આભૂષણો અને અલંકારો સજી અને જતા હોય છે .લગ્નનો માહોલ ,લોકોની અવરજવર ,ખાણીપીણી વગેરેથી પણ આખું દ્વારકા જાણે કોઈ રંગીન નગરી બની હોય તેવું લાગે છે.

ચારે બાજુથી ઠેકાણે ઠેકાણે લગ્નનો માહોલ લોકોના ટોળા, ભગવાનના દર્શન ચારે બાજુ બજારમાં પણ શોભા અને ગીરદીજોવા મળે છે.આમ દ્વારકાનો વસંત પંચમીનું ખૂબ મહત્વ છે.

લોકો ભગવાનના દર્શન કરી ગોમતી નદીમાં સ્નાન કરે છે અને પુણ્ય પ્રાપ્ત કરે છે . ઢોલ શરણાઇ સાથે અને બેન્ડવાજા સાથે ફુલેકા નીકળે છે. રસ્તામાં લોકો ફટાકડા ફોડતા હોય છે અને આમ વસંતપંચમીનું સુંદર અને રંગીન વાતાવરણ જોવામાં આવે છે.

રતીલાલ વાયડા, નવી મુંબઈ.

### NOG SS NO- 0088

વિષય શબ્દ- વસંતપંચમીના વધામણાં...
પ્રકાર- પદ્ય
શીર્ષક- કુદરતનો ગુણ!

ચલી સંગસંગ રાગ રાગિણી ને ભ્રમરે આલાપ છેડ્યો..
ખીલ્યાં ડાળડાળ પર ફૂલો ને મીઠો ગુંજારવ સંભળાયો..
ઋતુરાજ વસંતે જ્યાં દમદાર પગરવ છે માંડ્યો..
મનનાં સપ્તરંગી રાગોએ આલાપી પ્રેમરાગને છેડ્યો...
હૃદયનાં તારતાર ઝંકૃત થૈ ને તનનો તંબુરો ડોલ્યો..
કુદરતે છેડી સરગમ! ત્યાં પેલો વાયરો લયબદ્ધ વાયો..
લીલુડી ધરતી ને વન વન મહેક્યાં ત્યાં, ઉઠયાં રે શમણાંમાં શૂળ..
નાનકી કળીઓને યૌવન ફૂટ્યું..જોને રંગીન બની છે ફુલ..
ગહેક્યું આ મન બહેકી બાવરુ બની કેમ કરે ના કોઈ ભૂલ ?
હરિયાળું થાવું ને આપીને જાવું એ તો છે કુદરતનો ગુણ!

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

### NOG.SS.NO.0098

પ્રકારઃ- ગદ્ય
વિષયઃ- વસંત પંચમી
શીર્ષકઃ- વસંતોત્સવ

સમગ્ર દેશમાં વસંત પંચમી નું અનેરો મહત્વ છે. મુખ્ય ઋતુઓ ત્રણ હોય છે શિયાળો ,ઉનાળો ચોમાસુ.

વસંત ,શિશિર ,શરદ ,ગ્રીષ્મ ,વર્ષા અને હેમંત છ પેટા ઋતુઓ છે.

વસંતને ઋતુઓની રાણી પણ કહેવાય છે .વસંત પંચમી એ પ્રકૃતિનું રમણીય સ્વરૂપ જો મળે છે. વસંત પંચમી વસંતઋતુના વધામણા લઈને આવે છે અને વસંત ઋતુ નું સ્વાગત કરે છે.

બ્રહ્માજીની પુત્રી માં સરસ્વતી નો જન્મ વસંત પંચમીના દિવસે થયો હતો એટલે આ દિવસે સરસ્વતી માતાનું પૂજન નું અનેરૂ મહત્વ છે .સરસ્વતી દેવી જ્ઞાન અને વિદ્યાની દેવી છે. આ દિવસે જ્ઞાન પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓ સ્કૂલો ,કોલેજો તથા શિક્ષણ સંસ્થાઓ માં સરસ્વતીની મૂર્તિ સ્થાપીને પૂજા-અર્ચના કરીને આશીર્વાદ મેળવે છે.

ઋષિ ભગીરથની તપસ્યાથી ને કારણે વસંત પંચમીના દિવસે જ ગંગાજીનું પણ અવતરણ થયું હતું એટલે ગંગાસ્નાનનું આ દિવસે વિશેષ મહત્વ છે.

વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં વસંત પંચમીના દિવસે બાલકૃષ્ણના સ્વરૂપની "વસંત પૂજન " થાય છે.સતત ૪૦દિવસ ફાગ ગીતો ગવાય જેણે હોળી ઉત્સવ કે ફાગ ઉત્સવ કહેવાય છે.

કોઈપણ શુભ કાર્ય વસંત પંચમીના દિવસે કરી શકાય છે. વસંતમાં અનેકો યુગલ લગ્નગ્રંથિથી જોડાય છે .વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ.

લીના શર્મા,હાલોલ

---

### NOG -SS NO - 1030

વિષય - વસંતપંચમી
વિભાગ - ગદ્ય
શબ્દ -૩૫૦
શીર્ષક - જ્ઞાનપંચમી

સંગેમરમર જેવી સુંદર રત્નાનાં લગ્ન શહેરનાં જાણીતા ઉધોગપતિનાં સોહામણા પુત્ર અનંગ સાથે થતાં જ તે તેનાં જીવનની વસંતનો આનંદ માણતી હતી .

દિલ્હીની "સાઇઝ એવન્યુ" જેવી "પોશ લોકાલીટી " માં ભવ્ય બંગલો , નોકર -ચાકર, રસોઇયો, શોફર, મોટર વગેરે ભૌતિક દ્રષ્ટિએ એક સ્ત્રીની ઝંખના કરતાંય અધિક સુખો તેને પ્રાપ્ત થયાં હતાં .

પતિ અનંગ પણ અતિ પ્રેમાળ હતો . લગ્ન બાદ છ માસ તો હરવા - ફરવાનાં એટલા આનંદથી પસાર થઇ ગયા કે પ્રત્યેક દિવસ સોનાનો લાગતો અને રાત રૂપાની લાગતી . અનંગ જ્યારે " સ્વીટી ! સ્વીટી ! " કહી સંબોધતો ત્યારે તેને લાગતું કે વિશ્વપટ પર તેના જેટલી સુખી સ્ત્રી બીજી કોઇ નહિ હોય !

એક સાંજે અનંગે ઓફિસેથી આવીને રત્નાને એક પત્ર આપ્યો . રત્નાએ પત્ર વાંચવા માંડ્યો.

મિ. અનંગ મહેતા ,

તમારી પત્ની "કિલઓપેટ્રા" જેવી છે. રૂપમાં અને ગુણમાં પણ તમારી પત્ની લગ્ન પહેલાં ચારિત્ર્યહીન હતી અને લગ્ન પછીય ચારિત્ર્યહીન રહી છે .તેનો મુક્તાચાર અટક્યો નથી . એના કાતિલ રૂપનું ઝેર તમારી રગેરગમાં એવું પ્રસરી ગયું છે કે મહોરા પાછળનો સાચો ચહેરો તમે જોઇ શક્તા નથી . તેની આંખો તમારા વૈભવ પર છે .

લિ . તમારી શુભેચ્છક .

રત્ના તો આ વાંચતા જ ક્ષુબ્ધ બની ગઇ . તેને ગંભીર થતાં જોઇ અનંગે કહ્યું " આ કોઇ મનોવિકૃતિ માનસ ધરાવતી વ્યક્તિનું કામ લાગે છે ."

પહેલા પત્રને હળવાશથી હસી કાઢનાર અનંગ વારંવાર આવતા, એક જ પ્રકારનો ધ્વનિ પ્રગટાવતાં પત્રોથી બેચેન રહેવા લાગ્યો

અનંગની અવિશ્વાસથી ભરેલી નજર રત્ના સહન ન કરી શકી .નનામી પત્રોએ તેઓનાં જીવનની વસંતને પાનખરમાં ફેરવી લીધી હતી .કોઈના કોઇ પણ કારણ વગર તેઓની મનઃસ્થિતિ વિચિત્ર બનતી રહી અને સહનશીલતાની સીમા આવી જતા રત્ના માતાપિતાનાં ઘરે આવી ગઇ હતી .

આજે લગ્નની પહેલી વર્ષગાંઠ હતી . તે ઇચ્છવા લાગી કે અનંગની અશ્રદ્ધાનું મૃત્યુ થાય અને મને તેડવા આવે .

ઘરનાં દરવાજે અનંગને ઊભેલો જોઇ રત્ના આનંદવિભોર થઇ ગઇ .

અનંગ સક્ષોભ બોલ્યો , " રત્ના તું નિર્દોષ છે આ પત્ર કૌભાંડ આપણને વિખૂટાં પાડવા સર્જાયું હતું .

કોલેજમાં રુચિ મારાં પ્રેમમાં હતી . મે તેના પ્રેમનો સ્વીકાર કર્યો ન હતો . હતાશ થઇ તેણે આ માર્ગ અખત્યાર કર્યો હતો . તારાં ગયા બાદ તે મારી હમદર્દ બની હતી અને મારો વિશ્વાસ બંધાતાં એણે મને પામવા માટે લખેલા પત્રોનો એકરાર કર્યો હતો .

આજે વસંતપંચમીનાં પ્રવિત્ર દિવસે જ મારી ભૂલનું મને જ્ઞાન થયું. પ્રકૃતિનાં આ સર્વોત્તમ ઉત્સવની આપણે મનભરીને ઉજમણી કરીએ

નિલમ દોશી ,મુંબઇ

---

### N O G S S NO 0089

વિષય વસંત
શીર્ષક
વસંતમાં વેણુ વાગી
પ્રવિણા અવિનાશ

વસંત તારું આગમન
તારો અનેરો ઉલ્લાસ
તું રુતુઓની રાણી
કુદરત પોકારે વધામણી
-વાગી રહી કાનાની વેણુ
ઘેલી સઘળી વ્રજની ધેનુ
વૃક્ષો થાય નવ પલ્લવિત
કુંપળ ગાયે મધુરા ગીત
તું આવે જગ લહેરાયે
નાના મોટા સહુ હરખાયે

પ્રવિણા અવિનાશ

---

### NOG SSNO - 0050

પ્રકાર - પદ્ય મૌલિક
શીર્ષક - વસંત પંચમી
શીર્ષક - વસંત ની હેલી.

યૌવન આજે હેલે ચડ્યું..!
ઋતુ રૂડી ને ,વ્હાલ રૂડું...!
માસ વસંતનું..!
કે હજી કડકડતી ઠંડીમાં ઝાડ પણ થોડાં ઠીઠુરાઈ ગયેલાં, પણે ,વૃક્ષો સિકુડાઈ ગયેલાં..!
શરીરને પણ ઉષ્માથી ચેતનવંતુ કર્યા..!
વસંતએતો સૃષ્ટિનું યૌવન છે..!
વસંત એતો સૃષ્ટિનું યૌવન છે..!
જીવનને નિસર્ગનો છલછલ છલકતો વૈભવ..!
તરુવરનો શણગાર ,
નવપલ્લવિત થયેલું , ખીલેલું
મધમધમતી સુવાસથી મ્હેકી ઉઠતું..!
હૃદય છલકાવું વાતાવરણ ખેતરો મહી પોકારતી છડી..!
પીળી સરસવ ,પીળો ઘમરક ગરમાળો,
કેસરિયો કેસુડો , લાલ ચટક ગુલમહોર...!
જાણે ઈશે છાંટ્યા રંગોનાં લસરકા પૃથ્વી પણ નવપલ્લવિત થાય...!
પીયુને જોઈને આળસ મરડીને નવયૌવનનો સંચાર થાય..!
આજનો માનવ શું..?
પ્રકૃતિમાં રેલાતી ચેતનાને માણે છે શું..?
પ્રકૃતિએ ઈશ્વરને દર વર્ષે જુના પત્તા ખરે ને નવી કૂંપળો રૂપે નવાં ફૂલો આવે...!
ઉપવન મહેંકી જાય ,
પક્ષીઓ ચહકે. .!
પ્રકૃતિની જેમ બીજાં માટે જીવીએ...!
એજ ક્ષણ વસંત પંચમી ,
ને વસંતોત્સવ..!

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

કેન્સરનું ઝડપી નિદાન કેન્સર મટાડી શકે : આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલ

# વિશ્વ કેન્સર દિવસે આરોગ્યમંત્રીશ્રીએ કેન્સર પર વિજય પ્રાપ્ત કરનારા લડવૈયાઓના જુસ્સાને બિરદાવ્યો

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે વિશ્વ કેન્સર દિન નિમિત્તે અમદાવાદ સિવિલ મેડિસીટીની ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ(GCRI) ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, કેન્સરનું ઝડપી નિદાન કેન્સર મટાડી શકે છે આરોગ્ય મંત્રીશ્રીએ આ અવસરે કેન્સરને પરાસ્ત કરી ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી સામાન્ય જિંદગી જીવતા લડવૈયાઓના જુસ્સાને પણ બિરદાવ્યો હતો.

આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં રાજય સરકારે કોઈ કચાશ રાખી નથી અને દર્દીઓની સારવાર માટે અત્યાધુનિક સાધનો વસાવ્યા છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, વર્ષો પૂર્વે એવી માન્યતા હતી કે કેન્સર એટલે મૃત્યુ.પણ આજે હવે અત્યાધુનિક સારવાર- સુવિધા અને વિકસતા જતા તબીબી વિજ્ઞાનના પગલે કેન્સરનું સચોટ નિદાન શક્ય બન્યું છે.જેના પગલે સમયસર સારવાર શરુ કરી દર્દીનું જીવન બચાવી શકાય છે.

આ અવસરે મંત્રીશ્રીએ કેન્સર સામેના જંગમાં જાગૃતિને મહત્વનું હથિયાર ગણાવતા કહ્યું કે, જો પ્રારંભિક તબક્કે જ કેન્સરનું નિદાન થઈ જાય તો દર્દીની સારવાર વધુ સરળ બને છે

શ્રી ઋષિકેશભાઈ પટેલે બદલાતી જતી જીવનશૈલીના કારણે પણ કેન્સર, કિડની, હૃદય અને લીવર સંબંધિત રોગનું પ્રમાણ વધી રહ્યું હોવાનું જણાવ્યું હતું.

આ પ્રકારના રોગનો વ્યાપ ઘટાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં પ્રાકૃતિક ખેતીનું અભિયાન આરંભાયું હોવાની વાત પણ આરોગ્યમંત્રીશ્રીએ કરી. તેમણે ઉમેર્યું કે, રાસાયણિક ખાતરોથી થતી ખેતી કેન્સરના વધતા જતા પ્રમાણ માટે કારણભૂત માનવામાં આવે છે, જેથી હવે ખેડૂતોએ હવે પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ. આરોગ્યમંત્રીશ્રી એ કેન્સર પર વિજય પ્રાપ્ત કરવા માટે સરકાર અને સમાજના સહિયારા પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને આ લડતમા જોડાવા માટે નાગરિકોને અનુરોધ કર્યો હતો.

આ અવસરે પ્રાસંગિક ઉદબોધનમાં આરોગ્ય રાજયમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે મહિલાઓમાં જોવા મળતા કેન્સર અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, મહિલાઓમાં જોવા મળતા વિવિધ કેન્સરમાં સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરનું પ્રમાણ ૪૦ ટકા જેટલું હોય છે, જેનું સમયસર નિદાન થાય તો દર્દીના જીવનનું જોખમ ઘટાડી શકાય છે.

શ્રી નિમિષાબહેને રાજયના અંતરિયાળ વિસ્તારોમાં વસતી બહેનોમાં સ્તન અને ગર્ભાશયના કેન્સર અંગે જનજાગૃતિ માટે રાજય સરકારે હાથ ધરેલા પ્રયાસોની રૂપરેખા આપી હતી. તેમણે કહ્યું કે, ગ્રામ્ય મહિલાઓને ચિત્રો દ્વારા સ્તન કેન્સર સંદર્ભે સ્ક્રીનીંગ અને જાતતપાસ માટે પણ માહિતગાર કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં છેલ્લા ૨ દાયકામાં આરોગ્યક્ષેત્રે ઉત્તમ કામગીરી થઈ અને રાજ્ય દેશમાં આરોગ્ય ક્ષેત્રમાં મોડલ સ્ટેટ બની રહ્યું છે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે કહ્યું કે, રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના દરેક વિસ્તારમાં આરોગ્યલક્ષી માળખાગત સુવિધાઓમાં ઉત્તરોઉત્તર પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે આ પ્રસંગે ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ



દ્વારા ૪૫ કરોડના ખર્ચે રોબોટિક રેડિયોથેરાપી મશીન વસાવવામાં આવ્યું હોવાની વિગતો આપતા કહ્યું કે, સમગ્ર દેશમાં સરકારી હોસ્પિટલમાં આ પ્રકારની સુવિધા આ એકમાત્ર હોસ્પિટલમાં છે.

તેમણે જી.સી.આર.આઇ. હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય -મા યોજના હેઠળ પણ કેન્સરગ્રસ્ત દર્દીઓની શ્રેષ્ઠ સારવાર કરવામાં આવી રહી હોવાનું જણાવી રાજયના કેન્સરગ્રસ્ત દર્દીઓને આ યોજનાનો મહત્તમ લાભ મેળવવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના ડાયરેક્ટર ડૉ. શશાંક પંડયાએ હોસ્પિટલ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો.

વિશ્વ કેન્સર દિવસના કાર્યક્રમમાં ૧૦ વર્ષ પહેલા કેન્સરને મ્હાત આપીને સામાન્ય અને નિરામય જીંદગી જીવી રહેલા ૫૦ કેન્સરના લડવૈયાઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમના માધ્યમથી રાજયના તમામ કેન્સરગ્રસ્તોને પ્રોત્સાહિત કર્યા હતા.

કેન્સરગ્રસ્તોના જુસ્સાને બિરદાવવા સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર, ગુજરાત કેન્સર સોસાયટીના પ્રમુખ શ્રી પ્રશાંત કિનારીવાલા, સિવિલ મેડિસીટીમાં આવેલી વિવિધ હોસ્પિટલના ડીન, ડાયરેક્ટર અને સુપ્રિટેન્ડન્ટ શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-અમિતસિંહ ચૌહાણ

# ચાણસ્મા ખાતે પાટણ અમદાવાદ બોર્ડ ગ્રેજ લાઈન શરૂ થતાં પંથકમાં આનંદની લાગણી છવાઈ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

છેલ્લા ઘણા સમયથી પાટણ થી અમદાવાદ વાયા ચાણસ્મા રેલવે લાઇન બંધ થતા મુસાફરો તેમજ વેપારી ઓમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો ત્યારે વિવિધ વેપારી સંગઠનનું તેમજ વિવિધ સંસ્થા દ્વારા અવાર-નવાર રજૂઆત કરવાથી ચાણસ્મા ખાતે આવેલ રેલવે સ્ટેશનનું મરામત કાર્યો તેમજ બોડ ગેજ લાઇન નાખવાની શરૂઆત કરવામાં આવી હોવાનું જણાઈ રહ્યું છે



અત્રે મળતી વિગતો મુજબ છેલ્લા કેટલાય સમયથી પાટણ અમદાવાદ રેલવે બોર્ડ ગેજ બંધ હાલતમાં હોય ગાંડા બાવળો નું સામ્રાજ્ય છવાઈ રહ્યું હતું ત્યારે શહેરીજનો તેમજ પંથકના વ્યાપારીઓ સહિત દ્વારા અવાર નવાર રજૂઆત કરવા થી રેલવે તંત્ર દ્વારા પાટણ અમદાવાદ રેલવે બોર્ડ ગેજ લાઈન શરૂ કરવાની કામગીરી હાથ ધરી છે ત્યારે સમગ્ર ચાણસ્મા શહેરના વ્યાપારીઓ તેમજ પંથકના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છેતેમજ કાર્ગો સ્ટેન્ડ થવાના કારણે રેલવે સ્ટેશન વિસ્તારના લોકોને તેમ જ આસપાસના લોકોને પૂરતી રોજગારી મળી રહેશે તેવું જણાઈ રહ્યું છે અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર શ્રી દ્વારા પાટણ થી અમદાવાદ રેલવે બોડ ગેજ શરૂ કરાયું છે ત્યારે વઢિયાર પંથકમાં આવેલ હારીજ ખાતે વ્યાપારી મથક ગણાય છે તેમજ ૪૦ થી વધુ પણ કોટન મીલો આવેલી હોય તે તરફ પણ બોડ ગેજ લાઈન શરૂ કરાય તેવી વઢિયાર પંથકના લોકોને માગણી અને લાગણી છે .અત્રે ઉલ્લેખનીય છે કે વઢિયાર પંથકમાંથી હારીજના કેટલાક વેપારીઓ દ્વારા અવાર-નવાર રેલવે માટે માગણી કરવામાં આવી છે છતાં પણ સરકાર શ્રી દ્વારા આ માગણીને અધ્ધરતાલ રાખવામાં આવી હોવાનું વેપારીઓ દ્વારા લોક મુખે ચર્ચાઈ રહ્યું છે

તેમજ ચાણસ્મા વેપારી સંગઠનના ખજાનચી ચેતનભાઈ શાહ દ્વારા જણાવ્યું હતું કે ચાણસ્મા ખાતે રેલવે બોર્ડ ગેજ નું નવીનીકરણ થવાની સાથે ઘણા લોકોને રોજગારી પણ મળી રહેશે તેમજ વેપારીઓને પોતાના ધંધા રોજગાર માં સરળતા રહેશે તેમ જણાવ્યું હતું તેમજ આ બાબતે પશ્ચિમ રેલવેના વિનય સિંહ ઝાલાએ જણાવ્યું હતું કે મારી પાસે અવાર-નવાર રજૂઆતો આવવાથી મેં કેન્દ્ર સરકાર સુધી રજૂઆત કરી હતી ત્યારે તેનું પરિણામ આવવાથી આજે હું બહુ જ ખુશ છું તેમ જ વિવિધ રેલવેના પ્રશ્નો બાબતે હું મારી સેવામાં તત્પર રહીશ તેમ જણાવ્યું હતું

# ગૌ આધારિત સમાજ વ્યવસ્થા કેન્સરના રોગ સામે રક્ષણ આપે છે : ડો. વલ્લભભાઈ કથીરિયા

## ગોબર અને ગૌમૂત્રનાં ઉપયોગથી હવા પાણી શુધ્ધ થાય છે : પંચગવ્ય થેરાપી ઉપર ભાર મુકવો જરૂરી

રાજકોટ

વિશ્વ કેન્સર દિવસ નિમિતે કેન્સર સામે જાગૃતિ ફેલાવવા માટેના ઉપાયોની ચર્ચા થઇ રહી છે ત્યારે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનું આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાએ કેન્સર સામે લડત આપવામાં ગૌ આધારિત સમાજ વ્યવસ્થા કેટલી લાભદાયી નીવડી શકે છે તેની સમજ આપી છે. ડો. વલ્લભભાઈ કથીરિયાએ કહ્યું છે કે, મેડીકલ સાયન્સમાં Prevention is better than cureને મહત્વ આપવામાં આવ્યું છે. અર્થાત આપણે આહાર અને વિહાર સહિતની એવી જીવન પધ્ધતિ અપનાવીએ કે કેન્સરને આવતા જ અટકાવી શકાય.

આપણે જેને રોજ ઉપયોગમાં લઈએ છીએ તે અનાજ, શાકભાજી અને ફ્રૂટ કેમિકલમુક્ત અને જંતુનાશક મુક્ત હોવા જોઈએ અને આ ત્યારે શક્ય બનશે જયારે ગૌ આધારિત ખેતીનો વ્યાપ વધશે.

ગૌ આધારિત ખેતી એ કોઈ પણ રોગને મૂળમાંથી દુર કરવાનો પાયો છે એ સમજવાની અને તેનો અમલ કરવાની તાતી જરૂર છે.

તેમણે કહ્યું છે કે, આજે આપણી જમીન બંજર થતી જાય છે અને તેમાંથી કાર્બન પણ ઘટતો જાય છે. આ સ્થિતિના પરિણામ સ્વરૂપ પાણી પણ શોષાતું નથી. આ પ્રકારની જમીનમાં ઉગેલું અનાજ અંતે તો આપણા ભોજનમાં જ આવે છે. આવી જમીનમાં પાક લેવા માટે કેમિકલયુક્ત ખાતરનો ઉપયોગ પણ કરવામાં આવે છે અને તેથી જમીન ધીરે ધીરે ઝેરી થતી જાય છે.

જો ગૌ આધારિત સમાજ વ્યવસ્થા અપનાવવામાં આવે તો સ્થિતિમાં મોટો બદલાવ લાવી શકાય તેમ છે તેમ જણાવતા ડો. કથીરિયાએ ઉમેર્યું છે કે, ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી જે બાયોપેસ્ટીસાઈડસ બને છે તે સેન્દ્રીય ખાતર હોય છે અને તેનો મહતમ ઉપયોગ કરવાની જરૂર છે. દરેક સ્તરે ખેડૂતોને પ્રોત્સાહન મળે અને આ પ્રકારના ખાતરના ઉપયોગથી જમીન ઝેર મુક્ત કરીને પોષણવાળી બને તે માટે પ્રયાસો કરવા જોઈએ.

ડો. કથીરિયાએ ઉમેર્યું છે કે, આજે વિશ્વભરમાં આ રોગ સામે લડવા માટેના પ્રયાસોની ચર્ચા થાય છે. આ રોગ સામે રીસર્ચ થાય છે, સ્ક્રીનીગ થાય છે પણ એ બધું બીજા નંબરે છે પ્રથમ તો આપણી ખેતી ગૌ આધારિત બને તે છે. આપણે આપણા ઘરમાં પણ ચોક્કસ બજેટ બનાવીને તેનો ખર્ચ કરતા હોઈએ છીએ પણ આપણે શુધ્ધ આહાર માટે ખર્ચ કરવો પડશે.

આજે જયારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વસ્થ અને સમૃધ્ધ ભારતની કલ્પના કરીને આગળ વધતા હોય ત્યારે દેશના દરેક નાગરિકની ફરજ છે કે, શુધ્ધ આહાર પ્રાપ્ત કરીને સ્વસ્થ - તંદુરસ્ત જીવન મેળવે.તેમણે એમ પણ કહ્યું છે કે, ગૌ આધારિત સમાજ વ્યવસ્થાથી કૃષિ, આરોગ્ય અને પર્યાવરણની રક્ષા થાય છે. ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને હવામાન અને પાણીને શુદ્ધ કરી શકાય છે. આ માટે પંચગવ્ય થેરાપીનો ઉપયોગ પણ કરવો જોઈએ. પંચગવ્યમાંથી દવા, કેપ્સ્યુલ અને સીરપ વગેરે બનાવીને તેનો વ્યાપ વધારવો જોઈએ.




આખું ગુજરાત રાજી થાય એવા સમાચાર મળ્યા છે. મહારાષ્ટ્રના પુના શહેરમાં સ્થિત સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટીએ તાજેતરમાં તેના પૂર્વ વિદ્યાર્થીઓ માટે જાહેર કરેલાં ચાર 'યુવા ગૌરવ પુરસ્કાર' પૈકીના 'એક યુવા ગૌરવ પુરસ્કાર' માટે ભાવનગરના યુવાન અને ઉત્તમ દ્રુપદ ગાયક તરીકે પ્રસ્થાપિત થઈ ચૂકેલા ભાઈ શ્રી.ચિંતન મધુકરભાઈ ઉપાધ્યાયની પસંદગી કરવામાં આવી છે જે ગુજરાતના સમગ્ર સંગીત ક્ષેત્ર માટે ગૌરવની અને આનંદની ઘટના છે.આ યુનિવર્સિટીના આગામી પદવીદાન સમારંભમા આ પુરસ્કાર ચિંતનને પ્રદાન કરવામાં આવશે.ચિંતનના પિતા મધુકર ઉપાધ્યાય પણ સંગીત શિક્ષક છે.પિતા-પુત્ર બન્ને લૉપ્રફાઈલ છે.સમુહમાં ફોટો પડાવતા હોય ત્યારે પોતાનો ફોટો સારો/સરખો આવે એ માટે ડોકુ પણ ઉંચુંનીચુ કે આઘુંપાછું ન કરે એટલા સાદા છે.આ પુરસ્કાર એ ચિંતનની કઠોર અને અવિરત સાધનાનું ફળ છે.એ માટે તેને હૃદયપૂર્વકના અભિનંદન.

# ડાંગ જિલ્લામા યોજાશે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ", પ્રજાજનો તા.૧૮મી ફેબ્રુઆરી સુધી પ્રશ્નો મોકલી શકશે

આહવા તાઃ ૪:

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૩/૦૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ અંગે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ× ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા યોજવામા આવનાર છે.

નિયત કાર્યક્રમ મુજબ આહવા તાલુકાનો કાર્યક્રમ કલેક્ટર કચેરી, આહવાના સભાખંડમા પ્રાયોજના વહિવટદારશ્રી, ટ્રાયબલ એરિયા સબ પ્લાન કચેરી-આહવાના અધ્યક્ષ સ્થાને, વઘઇ તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-વઘઇ ખાતે પ્રાંત અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને, અને સુબીર તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-સુબીર ખાતે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને યોજાશે.

જેથી તાલુકાની જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો તા.૧૮/૦૨/૨૦૨૨ સુધીમા સંબંધિત કચેરીઓને બારોબાર મોકલી, તેની એક નકલ સંબંધિત મામલતદારશ્રી, આહવા/વઘઇ/સુબીર ને મોકલી આપવા જણાવાયુ છે. ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહી. જેની પણ અરજદારોને નોંધ લેવા અનુરોધ કરાયો છે.

અરજદારોએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતો સાથે સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજૂ કરવાના રહેશે. રજૂ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૩/૦૨/૨૦૨૨" એમ અચૂક લખવા પણ જણાવાયુ છે. ઉપરાંત ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારને ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા પણ એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર,ડાંગ



ભારત સરકાર ના પદ્મ ભૂષણ એવોર્ડ થી સન્માનિત બ્રહ્મ સંસ્કૃતિ ના વિશ્વ પ્રચારક શ્રી સચ્ચિદાનંદજી સ્વામીજી નું શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા (માતૃસંસ્થા)ના નવ નિયુક્ત પ્રમુખ ધારાશાસ્ત્રી શ્રી પિનાકીન રાવલ ના નેજા હેઠળ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ.ગાંધીનગર ના પાયેદાર પદાધિકારીઓ,કારોબારી સભ્યો આજરોજ કોબા આશ્રમ ખાતે સન્માન કરીને સમાજ ઉત્થાન ના બ્રહ્મ શ્રેષ્ઠી ના આશીર્વાદ મેળવી સમગ્ર બ્રહ્મ સમાજ વતી બ્રહ્મ કર્તવ્ય નિભાવ્યું હતું.ગાંધીનગર બ્રહ્મ ભવન ને સ્વામીજી દ્વારા માતબર રકમ નું દાન આપી શ્રી સચ્ચિદાનંદ ભવન નામાભિધાન કરી કર્તવ્ય નિષ્ઠ સૌ બ્રહ્મ સમાજ ના પદાધિકારીઓ, આગેવાનો ને સર્વ ભૂદેવ વતી અભિનંદન પાઠવીએ છીએ..

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષા(માતૃસંસ્થા) સંસ્થા સાથે પાયાથી જોડાયેલ આ વિશ્વ વિખ્યાત ધર્માધિકારી સમાન આ વડીલો પાયાના સમાજ શ્રેષ્ઠીઓ શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી અને શ્રી સ્વામી સચ્ચિદાનંદજી ને આવા ઉચ્ચ સન્માન મેળવવા બદલ સમગ્ર ગુજરાત બ્રહ્મ સમાજ ગર્વ ની લાગણી અનુભવે છે..સાથે સાથે સમાજ ની આગવી ઓળખ ધરાવનાર ફોરેન્સિક લૉરેટરી ના અગ્રણી શ્રી જે.એમ.વ્યાસ તેમજ ગ્રામ્ય સામાજિક કાર્ય અર્થે ડો.લતાબેન દેસાઈ ને પણ પદ્મ શ્રી પુરસ્કાર મેળવવા બદલ બ્રહ્મ સમાજ હર્ષ ની લાગણી અનુભવી અભિનંદન પાઠવે છે..

અહેવાલ : પ્રદીપ રાવલ
ગુજરાત બ્રહ્મ સમાજ મીડિયા
ગાંધીનગર.

# ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ગાંધીનગરને ૫ એકર જમીન ફાળવવા માંગ

ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કલેક્ટર શ્રી કુલદીપ આર્યન સાહેબ ને અરજી કરી લેખિત રજુઆત ઉમિયા ગૌ શાળા એવંમ ગુરુકુળ ગાંધીનગર ને ગાંધીનગર ની આજુબાજુ માં ૫ એકર જમીન ફાળવવા માંગ કરી છે. આ સંસ્થામાં ગૌ સેવા હેતુ ગાંધીનગર ના દશ સામાજિક કાર્યકર જોડાયા છે. આ સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના ન્યુ દિલ્લી ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે.



આ સંસ્થા માં શ્રી સીતારામ ભાઇ પટેલ ઉપ પ્રમુખ, શ્રી રાધેશ્યામ ભાઇ યાદવ મંત્રી તરીકે, અને ખચાનચી તરીકે શ્રી અમરત ભાઇ દેસાઇ જવાબદારી નિભાવે છે. તેમજ આ સંસ્થા માં કારોબારી સભ્ય તરીકે યોગિતા પ્રશાંત ભાઇ ત્રિવેદી, ધર્મેશભાઇ પટેલ,ગોપાલક, મહેશ કુમાર મોતી ભાઇ આસોડિયા પત્રકાર, વિનોદ કુમાર વાલજી ભાઇ ઉદેચા સામાજિક કાર્યકર શ્રી મહેન્દ્ર ભાઇ ચૌહાણ હરિભક્ત ,સામાજિક કાર્યકર તથા સામાજિક કાર્યકર એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ જોડાયેલા છે. આ સંસ્થા ગૌ શાળા અને ગુરુકુળ સ્થાપી ગૌ સેવા અને ગુરુકુળ દ્વારા ભારતીય સંસ્કૃતિ યુવાઓ માં જાગ્રત કરવા અને રાષ્ટ્ર ભાવના પેદા કરવા ઈચ્છે છે.

સરકાર શ્રી ને વિનંતી છે કે આ સંસ્થા ને ૫ એકર જમીન ફાળવવા જરૂરી કાર્યવાહી હાથ ધરી વહેલી તકે જમીન ફાળવવા વિનંતી છે. ડૉ ગુલાબચંદ પટેલ.

## ૫ ફેબ્રુઆરી, "વસંત પંચમી"

# "યા દેવી સર્વભૂતેષુ વિદ્યારૂપેણ સંસ્થિતા", "સરસ્વતી નમસ્તુંભ્યમ વરદે કામરૂપિણી"

વસંતપંચમી ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં કે જાન્યુઆરી મહિનાનાં અંતમાં આવે છે. આ દિવસે ભગવાન વિષ્ણુ, કૃષ્ણ, રાધા અને માતા સરસ્વતીને પીળા રંગનાં વસ્ત્રો અને ફૂલોથી શણગારીને ગુલાલ, ધૂપ-દીપ અને જળ અર્પણ કરીને તેમની પૂજા કરવામાં આવે છે. વસંતપંચમીનો તહેવાર 'સરસ્વતી પૂજા', 'શ્રી પંચમી', 'જ્ઞાન પંચમી' તરીકે પણ ઓળખાય છે. હિંદુ સંસ્કૃતિમાં વસંતપંચમીનો દિવસ તે વસંત ઋતુનો પ્રથમ દિવસ ગણવામાં આવે છે એટલે કે આ દિવસથી વસંત ઋતુની શરૂઆત થાય છે. આ દિવસને લઈને એવી માન્યતા છે કે આ દિવસે માતા સરસ્વતીની પૂજા કરવાથી બધી મનોકામના પૂરી થાય છે. શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે આ દિવસ વિશેષ મહત્વનો છે. દર વર્ષે માઘ મહિનામાં વસંત પંચમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આ તહેવાર માઘ મહિનાનાં શુક્લ પક્ષની પાંચમનાં દિવસે ઉજવવામાં આવે છે. તમામ છ ઋતુઓમાં વસંતઋતુ 'ઋતુરાજ' તરીકે ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે માતા સરસ્વતીનો જન્મ વસંત પંચમીનાં દિવસે થયો હતો, તેથી આ દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. આ દિવસને શિક્ષણ અથવા અન્ય કોઈ નવી કલાની શરૂઆત કરવા માટે શુભ માનવામાં આવે છે. વસંત પંચમીને દિવસે 'વસંત રાગ' ગાવાનું ખૂબ મહત્વ છે. વસંત રાગ ગાવાથી જીવનમાં પ્રસન્નતા થાય છે. ગીતાજીનાં દસમાં અધ્યાયમાં શ્રી કૃષ્ણ પરમાત્મા એમ કહે છે કે, ×ઋતુનામ્ કુસુમાકર× અર્થાત્ 'ઋતુઓમાં વસંતઋતુ હું છું.' આમ, વસંત ઋતુ એ પણ ભગવાનનું સ્વરૂપ છે સાથે સાથે કામદેવના પ્રાગટયનોદિવસ પણ વસંત પંચમી જ છે એમ વિદ્વાનો માને છે. આ દિવસે કામદેવ, વસંત અને રતિ સાથે પ્રગટયા હતાં. વિદ્યાર્થીઓ આ દિવસે માતા સરસ્વતીની પૂજા-આરાધના કરે છે અને તેમનાં આશિર્વાદ મેળવે છે.

"યા દેવી સર્વભૂતેષુ વિદ્યારૂપેણ સંસ્થિતા"

"સરસ્વતી નમસ્તુંભ્યમ વરદે કામરૂપિણી"

મિત્તલ ખેતાણી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.